Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



"ખામેમિ સવ્વ જીવે" ગાથા જીવનમાં જીવવા માટે છે, જીભથી માત્ર બોલી જવા માટે નહિ. જીવમાત્ર પ્રત્યે મિત્રતુલ્ય વ્યવહાર ન રાખી શકીએ ત્યાં સુધી આપણી જિનભક્તિ અધૂરી ગણાય.

— પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી

તંત્રી : શ્રી કે. જે. દોશી એમ. એ.

સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા બી. એ. એમ.એડ્.

પુસ્તક : ૮૫ અષાડ-શ્રાવણ આત્મ સંવત ૯૪

જુલાઈ-ઓગષ્ટ વીર સંવત ૨૫૧૩

અંક : ૯-૧૦ ૧૯૮૮ વિક્રમ સંવત ૨૦૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પર્યુષણનો મંગલ સંદેશ | મુનિશ્રી શીલચંદ્રવિજયજી | ૧૩૩ |
| (૨) | ક્ષમાપના | ડૉ. શ્રી કુમારપાળ દેસાઇ | ૧૪૧ |
| (૩) | મન જીત્યું તેણે સર્વ જીત્યું | કુ. કોકિલાબેન બી, શાહ | ૧૪૩ |
| (૪) | મંગલ વિભૂતિ ગૌતમસ્વામી | કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા | ૧૪૭ |
| (૫) | ૯ તપ : ઉર્ધ્વજીવનની પગદંડી | મૂળ પ્રવચનકાર આ. શ્રી વિજય-વલ્લભસૂરીશ્વરજી મ. સા. ભાષાંતર : ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૫૩ |
| (૬) | સમાચાર | — | ૧૬૧ |
| (૭) | સ્વપ્ન-સિદ્ધિ | અમરચંદ માવજી શાહ | ૧૬૪ |


## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી શ્રી કચ્છ ભદ્રેશ્વરની ફરતી યાત્રા તા. ૩૦-૯-૮૮ અને તા. ૧-૧૦-૮૮ અને તા. ૨-૧૦-૮૮ની શુક્ર, શની, રવી ત્રણ દીવસની રાખવામાં આવેલ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

કોઈ પણ ફેરફાર હશે તો દેરાસર બોર્ડ ઉપર લખવામાં આવશે.

## સમાલોચના

**એક રાત અનેક બાત :** લેખક આચાર્યદેવ શ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ (પ્રિયદર્શન)

પ્રકાશક : શ્રી વિશ્વકલ્યાણક પ્રકાશન ટ્રસ્ટ, મૂલ્ય : રૂા. ૨૦/- પૃષ્ઠ ૩૦૯.

આ પુસ્તક સુંદર છાપકામ તથા સુંદર ગેટઅપ સાથે પ્રગટ કરવામાં આવેલ છે. પૂજ્ય ભદ્રગુપ્તસૂરીશ્વરજીનું 'કથાલેખન' અન્ય કથાઓની જેમ આ પુસ્તકમાં પણ ખુબ રોચક અને આબાલ-વૃદ્ધ સૌને સમજાય અને પસંદ પડે તેવું છે. કથાનું મૂળ વસ્તુ પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત 'જંબૂસ્વામી' રાસ માંથી લીધેલ છે અને પૂજ્ય સૂરીજીએ પોતાના સચોટ ભાષા, સંવાદ, તત્ત્વજ્ઞાન નિરૂપણ દ્વારા ઘણા ઉપયોગી બનાવેલ છે. આવી સુંદર કથા આપવા માટે જૈનસમાજ તેનો ઘણો ઋણી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ અષાઢ-શ્રાવણ જુલાઈ ઓગષ્ટ-૮૮ ● [અંક : ૯-૧૦


## પર્યુષણનો મંગલ સંદેશ

લે. મુનિશ્રી શીલચંદ્રવિજયજી

૧

માનવને મન મળ્યું છે, સારું વિચારવા માટે. જીભ મળી છે, સારું બોલવા માટે, દેહ મળ્યો છે, સારું આચરવા માટે.

**માનવજીવનની આ બલિહારી છે.**

અને છતાં માનવને સુખ નથી. આ ત્રણે વસ્તુનો દુરૂપયોગ કરીને એણે પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે. આપખુદાઈએ મેલું બનેલું એનું મન પોતાના મેલ ધોવા-ઢાંકવા બીજાના દોષ કાદવનો આશરો લે છે. ચોરનો મિત્ર ચોર હોય એમ.

પારકી નિંદા કરી કરીને કર્કશ બનેલી એની જીભ આત્મશ્લાઘાના ગંદા તેલમાં સ્નિગ્ધ થવા મથે છે. જાણે ચોરને શાહુકાર દેખાવું છે.

અકાર્યો આચરીને અશુદ્ધ બનેલો એનો દેહ ધર્માચરણના નામે દંભની લીલા આચરે છે. તળાવની પાળે ઊંચું માથું રાખીને બેઠેલાં બગલાનું માનવદેહે રૂપાંતર.

પરિણામે એનું જીવન પશુજીવનથી યે બદતર બની ગયું છે. હાથનાં કર્યો એને હૈયે વાગ્યાં છે. પોતે જ ફેલાવેલી-કરોળિયાના જાળાં જેવી-આ જંજાળ એને વસમી થઈ પડી છે. 'સાપે છછું-દર ગળ્યાં' જેવી એની દશા છે. ન વિહાણું ન બેઠું,-આ જંજાળને એ છોડી શકે તેમ નથી, અને એનો એને હવે ખપ પણ નથી. એ અસહાય બનીને હવે વિચારી રહ્યો છે : રે! હવે શું કરવું?

આવે વખતે અસહાયને સહાય કરવાનું સદાવ્રત ખોલીને બેઠેલા ધર્મગુરુઓ એની વહારે ધાય છે. તેઓ એને સમજાવે છે : ભલા! તું મુંઝાય છે શા માટે? ખરાબ કરણી ઘણી કરી એનાં બૂરાં ફળ પણ અનુભવ્યા. હવે થોડી સારી કરણી કર. ભગવાન મહાવીરે ઉપદેશેલી સાધનાના દિવસો-પર્યુષણા આવ્યાં છે. હવે મનને વશ રાખવાનો પ્રયત્ન કર. મનમાં રાગ-દ્વેષ જેવું અશુભ તત્ત્વ પ્રવેશી ન જાય તેની તકેદારી રાખ. કેમ કે ક્લેશયુક્ત મન દુઃખની પરંપરા વધારે છે, ક્લેશમુક્ત મન સુખની.

અને લૂલીબાઈને લગામ બાંધી દે. એ અદક પાંસળીના જોરે ઘણાં ખત્તાં ખાધાં ઘણી પીડા વેઠી. હવે એને કહી દે કે : લૂલીબાઈ! હવે મોજ કરો. આ ખંભાતી તાળામાં પૂરાઈને, આજ સુધી પારકી પટલાઈ ઘણી કરી, હવે પગતળે પરજળતી લાયને જોવાના ને ઠારવાના દિવસો આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીરને પણ નિયમનમાં મૂક. તપ કર. તન-મનના મેલને તપાવે ને ધૂવે એનું નામ તપ. રે માનવ! યાદ રાખ કે સ્વેચ્છાએ મૂકેલું નિયમન 'બંધન' નથી. આ નિયમન તારાં મનને નિર્મળ બનાવશે. તારી આંખને નિર્વિકાર કરશે. તારાં તનને નીરોગિતા આપશે. અને તારાં આત્માને ઉન્નતિ તરફ લઈ જશે.

આત્માના ઉદાત્ત ગુણોની છાયામાં સારી રીતે રહેવું, એનું નામ પર્યુષણા. ભલા માનવ! મન, જીભ ને દેહને વશ કરીને તું એ ઉદાત્ત ગુણોનું સામીપ્ય પામી શકીશ. અને એમ થતાં જ તારી અસહાય અવસ્થાનો આપો આપ અંત આવશે.

અસહાય દશાનો અંત આણવા ઉદ્યમ કરીએ.

મન, જીભ, દેહને વશ કરવાનો સંકલ્પ કરીએ.

પર્યુષણાની મહાન સાધના કરવા કટિબદ્ધ બનીએ.

૨

માનવીને આજે ક્યાંય ચેન નથી. એને સુખનો સંતોષ નથી. ને એના દુઃખનો અંત નથી.

સમગ્ર સંસાર એને મતલબી ભાસે છે. ચોગરદમ ફેલાયેલી સ્વાર્થની બદબો એના દિલને પરેશાન કરે છે. એ જ્યાં સુખની આશાએ દોટ મૂકે છે, ત્યાં એને ઘોર નિરાશાની લોટ મળે છે.

અને-એનો અજંપો વધી જાય છે. હતાશાની ભીંત એની શાન્તિની વચ્ચે અવરોધ બનીને ખડી થાય છે. પરિણામે-એ ભારે મુંઝવણમાં મૂકાય છે. સાચી શાન્તિ ક્યાં મળે? આ પ્રાણ-પ્રશ્ન એને ગુંગળાવી મૂકે છે. અને 'શાન્તિની શોધ' એ એનું-માનવમાત્રનું અનિવાર્ય કાર્ય બની જાય છે.

આ પ્રાણપ્રશ્નનો જવાબ છે: સામાયિક, ભગવાન મહાવીરે ચીંધેલો સામાયિકનો સાત્ત્વિક માર્ગ માનવને શાન્તિના સાંનિધ્યમાં જરૂર લઈ જઈ શકે.

સામાયિક એટલે સમતાની સાધના. સામાયિક એટલે મમતાનું મારણ. મનમાં મમતા ભરીને તનવડે સમતાનો ડોળ કરનારનું સામાયિક માયાનો દંભનો એક ભદ્દો પ્રકાર છે.

મનથી અસત્ય ચિંતવવું નહિ, વચનથી અસત્ય બોલવું નહિ, ને શરીરથી અસત્ પ્રવૃત્તિનો ત્યાગ કરવો:-સામાયિકની આ ત્રણ પ્રાથમિક શરતો છે, મન-વચન-કાયાને શુભ પ્રવૃત્તિમાં યોજવા, એ સામાયિકનું મુખ્ય ધ્યેય છે.

સવાલ એ થાય છે કે આ શક્ય કેમ બને? જીવ જંજાળી છે. સંસારની સેંકડો જળોજથામાં એ ગળાબૂડ છે. એમાં એ સમતા કેમ રાખી શકે?

સંતો કહે છે કે: ભાઈ! એના પણ રસ્તા છે. મારકણા સાંઢને ગળે લાકડું ભેરવ્યું હોય, ને પગે દોરડું બાંધ્યું હોય તો ય એ લંગડાતે પગે ચાલીને થોડું થોડું ચરી લે છે. એમ સંસારની માયામાં રાચ્યો પાચ્યો જીવ પણ પર્યુષણા જેવા પવિત્ર દિવસો ધર્મસ્થાનોમાં જઈને ઘડી બે ઘડી સમત્વ સાધના 'વારતા' કરી શકે છે.

કેટલાંક માને છે કે 'મન ચંગા તો કથરોટ મેં ગંગા,' ઘરે બેઠાં આ શા માટે ન થાય?' એમને જરા પૂછવું છે કે-ભલા? વ્યાપાર વણજ ઘેર બેઠાં કાં નથી કરતાં! બજારમાં પેઢીએ કે દુકાને શા માટે જવું જોઈએ? કહો કે-ત્યાંનું વાતાવરણ જ નિરાળું હોય છે. ત્યાં જઈએ તો જ વ્યાપારની સૂઝ પડે. તો જ ચિત્ત એમાં પરોવાય.

આ જ એમના પ્રશ્નનો પણ જવાબ છે. રે! મનને પવિત્ર કરવા માટે વાતાવરણ શુભ શુદ્ધ નહિ જોઈએ? જેવું વાતાવરણ તેવી ભાવના. ધર્મસ્થાનનું વાતાવરણ પાવિત્ર્યસભર છે, તો ત્યાં ગયેલો જજાંળી જીવ પણ અવશ્ય સમત્વ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાધના કરી શકવાનો.

ઘડી-બે ઘડી કરેલી એ સમત્વની સાધનાએ એ જંજાળી જીવનો અજંપો હળવો બને છે. શાન્તિ એને સુલભ બને છે. દુઃખનો ભાર ઓછો થાય છે ને સુખનો પ્રકર્ષ થાય છે.

પર્યુષણાપર્વના બીજા દિવસે સમત્વની સાધના કરવા પ્રયત્ન કરીએ.

૩

ચોમાસું બેઠું ને વરસાદ શરૂ થયો, પર્વ આવ્યું ને આરાધના આરંભાઈ.

મેઘરાજા વરસ્યાં ને ધરતી હસી ઉઠી. આરાધના થઈ, ને મન-મોરલાએ શાંતિની મસ્તી અનુભવી.

પર્વનો મહિમા અજબ છે. પર્વના પ્રભાવે-નિર્દય હૈયામાં દયાના ભાવ જાગે. કંજુસ પણ દાન કરવા પ્રેરાય. અને ભલભલાં ખાઉધરા જીવને ય તપ કરવાનું મન થાય.

પર્વની આરાધનાના અનેક પ્રકાર છે. કોઈ તનથી આરાધના કરે. કોઈ મનથી કરે. કોઈ ધનથી કરે. જેવી જેની ભાવના એવી એની આરધના

સ્વસ્થ નીરોગી શરીરવાળાં જીવો તપ કરે છે. કોઈ આઠ ઉપવાસ, કોઈ પંદર ઉપવાસ, તો કોઈ મહિનાના ઉપવાસ કરે છે. બાહ્ય દૃષ્ટિએ ઉકાળેલાં પાણી સિવાયની તમામ ખાદ્ય-પેય વસ્તુઓનો, અને અભ્યંતર દૃષ્ટિએ હૈયાંની મલિન વૃત્તિઓનો ત્યાગ એનું નામ તપ.

કેટલાંક 'મન'થી પર્વની આરાધના કરે છે. તેઓ નિશ્ચય કરે છે કે 'વધુ નહિ તો આ પર્વના દિવસોમાં તો મનને ઠેકાણે રાખીશું.' એ ક્રોધી હશે તો સમભાવ કેળવાશે; ભૂલમાં ય ક્યાંય ગુસ્સો ન થઈ જાય તેની ચીવટ રાખશે. અભિમાની હશે તો નમ્ર બનવા મહેનત કરશે. કપટી હશે તો સરળ બનશે. આઠ દિવસ દરમિયાન કોઈને છેતરવાની વૃત્તિ મનમાં ન પેસે તેની કાળજી કરશે, અને લોભી હશે તો સંતોષી બનશે. રે! બીજા દિવસોએ કરેલાં પાપ ધોવાના દિવસોને 'પર્વ' કહેવાય છે. પર્વના દિવસે પાપ કરશે, તો એ કેમ છૂટશે? યાદ રહે કે 'પર્વદિને કરેલું પાપ વજ્રલેપ' બને છે.

કેટલાંક એવાં પણ છે, જે તનથી તપ કરી શકતાં નથી. અને વધુ જંજાળને કારણે મનની સ્થિરતા પણ એ સાધી શકતા નથી. એ લોકો 'ધન'થી પર્વ આરાધે છે એની પાસે ધન છે. વગ છે. શક્તિ છે. એના વડે એ 'અમારિપ્રવર્તન' કરાવે છે. કતલખાના જેવાં મહાન પાપસ્થાનકોને એ 'પર્વ' પૂરતાં બંધ કરાવે છે. પર્વમાં કરવાનું આ એક શ્રેષ્ઠ કર્તવ્ય છે. અબોલ પ્રાણીઓને અભયદાન મળે, એથી ઉત્તમ બીજું કયું કાર્ય હોય ભલા?

એ સાધર્મિક ભક્તિ પણ કરે છે. સાધર્મિક એટલે સમાન ધર્મી, ગા વાળે તે ગોવાળ, એમ ધર્મ કરે તે સાધર્મિક. એમાં મારાં-તારાંના ભેદને સ્થાન નથી. ગરીબ-તવંગરનું એમાં આંતરું નથી. એ સાધર્મિકને દરેક પ્રકારે સહાય કરવી, એનું નામ સાધર્મિક ભક્તિ. આ પણ ધનસાધ્ય કાર્ય છે.

આવાં બીજાં પણ સત્કાર્યો એ કરે છે, ને એ રીતે પર્વની આરાધના કરે છે. રે! પર્વ તો નદી છે. પુણ્યનાં મીઠાં પાણીનો અસ્ખલિત પ્રવાહ એમાં વહ્યો જાય છે. જેની જેવી તાકાત, એટલું પાણી એ લે. ઘડાવાળો ઘડો ભરે, ને પ્યાલાવાળો પ્યાલો ભરે. લેનાર લેતાં થાકે, પણ નદી આપતાં નહિ થાકે.

ખરાં ભાવથી પર્વની આરાધના કરનારો જીવ 'હળવો' બને છે.

બૂરાં ભાવથી-દંભથી આરાધના કરનારો જીવ ભારે બને છે.

આત્માની ઉપાસનાના ત્રીજા દિવસે 'હળવા'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બનવાનો નિર્ધાર કરીએ.

૪

પર્યુષણા એટલે પુણ્યનું પોષણ.

પર્યુષણા એટલે પાપનું શોષણ.

જે દિવસોમાં કરેલાં કર્તવ્યો પુણ્યને પોષે, ને પાપને શોષે, એ દિવસોનું નામ પર્યુષણા. આ કર્તવ્યોમાંનું એક પરમ કર્તવ્ય છે : કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ.

કલ્પસૂત્ર એ જૈનોનું પૂજ્ય-માન્ય આગમ-શાસ્ત્ર છે. જેમ હિન્દુધર્મમાં ગીતા, અને ઈસ્લામમાં કુરાન, તેમ જૈન ધર્મમાં કલ્પસૂત્ર. જૈનો એને હૈયાની હોંશથી પૂજે છે. પૂરી શ્રદ્ધાથી સાંભળે છે. કારણ-એમાં ચોવીશ તીર્થંકરોના ચરિત્રો છે. તેમાં યે ખાસ કરીને ભગવાન મહાવીરના જીવનનું એમાં વિશિષ્ટ દર્શન છે. એમના લોકોત્તર ગુણોનું એમાં મીઠું સ્મરણ છે, વ્હાલાનાં દર્શન કરતાં ય એના જીવનનું સ્મરણ-શ્રમણ ભાવિક હૈયાંને વધુ આહ્લાદ આપે છે. સાચાં ભક્તને પ્રિયજનના ગુણકીર્તન પ્રિયજન જેવાં જ મીઠાં લાગે છે.

દેવ કરતાં યકીન મોટી ચીજ છે, એમાં પણ બુદ્ધિની સંગત મળે, તો ઓર રંગત જામે છે. જૈનો કલ્પસૂત્રનું શ્રવણ તર્કસંગત શ્રદ્ધાથી કરે છે. એમની વિવેક બુદ્ધિ એમને સમજાવે છે : 'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ.' જેવો માણસ હોય એવી તેના બોલની કિંમત અંકાય. આ કલ્પસૂત્ર એ શાસ્ત્ર છે. એના પ્રણેતા છે-યુગપ્રધાન આચાર્ય ભદ્રબાહુસ્વામી. એમનું રચેલું શાસ્ત્ર અસત્ય હોઇ શકે નહિ એમના વચન પર અશ્રદ્ધા રાખવી, એ પોતાની જાત પર અવિશ્વાસ રાખવા બરાબર છે'.

અને શ્રદ્ધા તો માનવમાત્રનું જીવનતત્ત્વ છે. સફળતા મેળવવાનું પ્રબળ સાધન છે. આવી શ્રદ્ધા ધરાવનારા જૈનો કલ્પસૂત્ર દત્તચિત્તે સાંભળે છે. એના ઉપદેશને જીવનસાત્ કરવાનો ઉદ્યમ કરે છે. શાસ્ત્રો કહે છે : એકાગ્રચિત્તે, પૂરી શ્રદ્ધાથી કલ્પસૂત્રનું એકવીસ વાર શ્રવણ કરનાર જીવ પરમપદ મેળવવાને લાયક બને છે, એનું જીવન ઊર્ધ્વગામી બને છે.

આજે ઉપાશ્રયે જનસમૂહથી ઉભરાશે. ભાવિકો કલ્પસૂત્રની પૂજા કરશે. ગુરુજનના આશીર્વાદ લેશે પછી ધર્મગુરુઓ કલ્પસૂત્રના વાચનનો મંગલ પ્રારંભ કરશે. જૈન મુનિઓના આચારનું વર્ણન એમાં આવશે. અને તે પછી ભગવાન મહાવીરનું ચરિત્ર કહેવાશે.

ભગવાન મહાવીરનું જીવન અદ્‌ભુત છે, રોમાંચક છે. સારી-માઠી કરણીના સારાં-માઠાં ફળોનું એકત્રીકરણ એટલે મહાવીરસ્વામીનું જીવન. ઘણી સારી કરણીના પ્રતાપે એ તીર્થંકર તો થયાં, પણ એ સાથે થઈ ગયેલી થોડીક માઠી કરણીના પરિણામોથી એ 'તીર્થંકર મહાવીર' પણ બાકાત નથી રહ્યાં. કર્મના કાયદામાં નાના-મોટાની જુદી વ્યાખ્યા નથી. રાય રંકની જુદી સજા નથી. ત્યાં તો 'કરે તેવું પામે' ને 'કરે તે પામે,' આ બે જ શાશ્વત-અટલ નિયમો છે. આ નિયમોના રોમહર્ષક અમલના પ્રસંગો ભગવાન મહાવીરના જીવનમાં વારંવાર આવે છે, આ પ્રસંગોનું રસમય વર્ણન કલ્પસૂત્રના માધ્યમે સાંભળીને જનસમૂહ આનંદ સમાધિમાં લીન બનશે, ઉદાત્ત પ્રેરણાનું અમૃત પીશે.

આપણને પણ એ મહાપુરુષના જીવનની પ્રેરણાનું અમૃત પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કરીએ.

૫

વિદેહદેશનું ક્ષત્રિયકુંડ નગર છે. ધર્મપરાયણ સિદ્ધાર્થ રાજા છે શીલગુણસંપન્ન દેવી ત્રિશલા એનાં રાણી છે.

રાજા રાણી-બંને સુખી છે. એમનો જીવન-રથ નિર્વિઘ્ન રીતે અવિરત ચાલ્યો જાય છે.

એક ધન્ય દિવસની વાત છે, દેવી ત્રિશલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવદુર્લભ શયનખંડમાં પોઢયાં હતાં. વાતાવરણ પવિત્ર અને પ્રસન્ન હતું. મધ્યરાત્રિનો સમય હતો. એ વખતે ત્રિશલાએ ચૌદ મંગલ સ્વપ્નો જોયાં, સ્વપ્નદર્શન થતાં જ એ જાગી ગયાં. સ્વપ્નોનું સ્મરણ કરી તેઓ અનિર્વચનીય આનંદ અનુભવી રહ્યા. તેમણે રાજા સિદ્ધાર્થ પાસે જઈને આ વાત કરી. રાજા પણ આનંદ્યા. બંનેએ શેષ રાત્રિ ધર્મધ્યાનમાં પસાર કરી.

સવાર પડી. નિત્યકાર્યથી પરવારીને રાજાએ રાજસભા ભરી. સ્વપ્નશાસ્ત્રીઓને બોલાવ્યાં. એમનું ઉચિત સન્માન કરીને સ્વપ્નોનાં ફળ પૂછયાં. અરસપરસ વિચારોની આપલે કર્યા પછી સ્વપ્નવેત્તાઓએ કહ્યું : રાજન્ ! તમે પરમ ભાગ્યવંત છો. દેવીએ જોયેલાં સ્વપ્નો અદ્દભુત છે. એનું ફળ પણ એવું જ અદ્દભુત છે. રાજા સિદ્ધાર્થ ! તમને ધન-ધાન્ય-રાજ્ય-સમૃદ્ધિ-કીર્તિ વગેરે દુન્યવી ચીજોના વિપુલ લાભ સાથે એક મહાન પુત્રરત્નનો લાભ થશે. એ પુત્રરત્ન કાં તો ચક્રવતી રાજા થશે, કાં તો ધર્મચક્રવર્તી તીર્થંકર. જય હો જ્ઞાતકુલનો.

આ સાંભળી રાજા-રાણી પુલકિત બન્યાં. સ્વપ્નશાસ્ત્રીઓને બહુમાનપૂર્વક અખૂટ દક્ષિણા આપી વિદાય કર્યા.

રાણી ત્રિશલાને દિવસો રહ્યાં છે. છતાં શરીરમાં થાક કે ખિન્નતા નથી. નિત્ય નવી જ સ્ફુર્તિનો અનુભવ થાય છે. તેઓ વિચારે છે કે; રે ! આપણાં કુલ-આંગણે આવેલાં પનોતાં આત્માનો જ આ પ્રભાવ હશે ને ! અને એમનો આનંદ સાગર હિલોળાં લેવા માંડે છે.

બીજી તરફ-ગર્ભમાં રહેલો જ્ઞાની જીવ વિચારે છે : મારાં હલનચલનથી માતાને પરિપાત થતો હશે માટે મારે હલચલ ન કરવી જોઈએ. આ વિચારને તેમણે તત્કાળ અમલમાં મૂકયો. પણ એથી તો ભારે અનર્થ સર્જાયો. માતા ત્રિશલા માની બેઠાં કે 'મારા ગર્ભનું અનિષ્ટ થઈ ગયું. એ કાં તો ગળી ગયો, કાં તો મરી ગયો.' અને એ શોકાકુલ થઈ ગયાં. એમની આંખો આંસુઓનો મેઘ વરસાવી રહી. સમગ્ર રાજકુળ ને પ્રજા પણ શોકાર્ત બન્યાં. આનંદ ગાન બંધ થયાં. વાતાવરણમાં સ્મશાનની શાંતિ પથરાઇ.

આનંદ ગાન બંધ થયાં જોઈને પેલાં જ્ઞાની જીવને થયું : અરે ! ઘડી પહેલાંનો આનંદ કલ્લોલ એકાએક કેમ અટકી ગયો ? તરત એમણે જ્ઞાન દષ્ટિનો ઉપયોગ કર્યો. તો પરિસ્થિતિ ભારે વણસી ગઈ લાગી. એમના મનમાં થયું : રે ! હળાહળ કળિકાળના આ અગમ એંધાણ છે. મેં માતાના સુખ માટે કર્યું- એ એમને દુઃખદાયક નીવડયું. હવે લાગે છે કે ગુણ પણ અવગુણ લાગશે. ને ઉપકારીની ગણના અપકારીમાં થશે.

અને-એક ઊંડો નિઃશ્વાસ નાખીને માતૃ-ભક્તિપ્રેર્યા એ જ્ઞાની જીવે પોતાનું અંગ સ્હેજ હલાવ્યું. એમનું અંગ હલ્યું કે ત્રિશલામાતા હરખી ઊઠયાં. એમનું મ્લાન મુખ પાછું હસી રહ્યું. પોતાની ઉતાવળ માટે એમને પસ્તાવો થયો. ગર્ભની કુશળતાના સમાચાર એમણે સૌને જણાવ્યાં, ને આનંદ ગાન બમણા ઉત્સાહથી શરૂ થઈ ગયા.

આ પછી પૂરે માસે, ચૈત્ર શુદિ તેરશની મધ્યરાત્રિએ દેવી ત્રિશલાએ પનોતા પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્રરત્ન એ જ ભગવાન મહાવીર. દેવ-દાનવ-માનવોએ એમનો જન્મોત્સવ કર્યો. આ મહામાંગલિક પ્રસંગનું બયાન આજે કલ્પસૂત્રના પ્રવચનમાં વર્ણવાશે. એકે એક જૈન એ હોંશે હોંશે સાંભળશે ને આજના દિવસને ભગવાનના જન્મ દિવસની જેમ ઉજવશે.

રે ! વ્હાલાના જીવન પ્રસંગનું શ્રવણ પણ ભક્તના પાપ-સંતાપનો અવશ્ય નાશ કરે છે.

૬

'અભિમાનનાં ફળ મીઠાં પણ હોય છે' એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાતનો 'જૂની આંખે નવું જોવા' જેવો અનુભવ એ દહાડે ઈન્દ્રભૂતિ ગૌતમે લોકોને કરાવ્યો.

વાત આમ બની : ભગવાન મહાવીર કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પાવાપુરીના આંગણે પધાર્યા હતાં. દેવોએ એમની નિરૂપમ ધર્મસભા રચી હતી. એમાં બેસીને ભગવાન ધર્મદેશના સંભળાવી રહ્યાં હતાં. એ સાંભળવા નગરના સેંકડો લોકો જમીન માર્ગે, અને અસંખ્ય દેવો આકાશ માર્ગે ત્વરિતગતિએ જઇ રહ્યાં હતાં.

આની જાણ આચાર્ય ઈન્દ્રભૂતિ ગૌતમને થઇ. તેઓ એ જ નગરીમાં થઇ રહેલા એક મહાયજ્ઞમાં ભાગ લેવા પોતાના શિષ્યગણ સાથે આવ્યા હતાં, સાથે બીજા દશ આચાર્યો પણ સપરિવાર હતાં. આ અગ્યારે ય આચાર્યો દિગ્ગજ વિદ્વાન હતા હતાં. તેમાં યે ઇન્દ્રભૂતિ તો અદ્વિતીય શાસ્ત્રસર્વજ્ઞ તરીકે સુખ્યાત હતાં. એક દેશ એવો નહોતો જ્યાં એમની ખ્યાતિ પહોંચી ન હોય. એક વિદ્વાન એવો નહોતો, જે એમના નામથી ધ્રુજતો ન હોય. આવાં એ ઈન્દ્રભૂતિને કાને આ વાત આવી કે-ગામ બહાર એક સર્વજ્ઞ આવ્યા છે. એમની પાસે આ બધાં જાય છે.

આચાર્ય ઈન્દ્રભૂતિ છળી ઊઠયાં. એમના 'અહં'ને આ વાતથી જાણે જબ્બર ધક્કો લાગ્યો. એમને થયું : રે ! એક મ્યાનમાં બે તલવાર હોય ખરી ? એમ-એક ગામમાં એકી વખતે બે સર્વજ્ઞનું અસ્તિત્વ સંભવે ખરૂં ? કદી નહિ. ખરે, આ કોઇ ધૂર્તશિરોમણિ ઈન્દ્રજાળિયો આવ્યો લાગે છે. એ બધાંને છેતરી રહ્યો છે.

અને એમનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો. એ ઊભાં થઇ ગયાં, ને આ નવા ધૂર્તની સાથે વાદવિવાદ કરી, એને મ્હાત કરી, ઊભી પૂંછડીએ ભગાડી મૂકવાના દૃઢ નિર્ધાર સાથે તેઓ ચાલી નીકળ્યા. સાથે ૫૦૦ શિષ્યોનો પરિવાર હતો. આ ધૂર્ત કેવો હશે ? એને પરાસ્ત કેમ કરવો ? એ વિચારમાં રસ્તો ક્યારે કપાઈ ગયો તેનું પણ એમને ધ્યાન ન રહ્યું. તેઓ તો ભગવાનની ધર્મસભામાં આવી પહોંચ્યા. ત્યાં ભગવાનને સિંહાસને બેઠેલાં જોયાં કે ઠરી ગયા. ધરતી પગ તળેથી ખસતી હોય એવો પળભર એમને ભાસ થયો. એકાએક એમના મનમાં થઈ આવ્યું : હું અહીં ન આવ્યો હોત તો કેવું સારું થાત ! આ તો મેં દીવો લઇને કુવામા પડવા જેવું કર્યું. હવે આની સામે કેમ બોલાશે ? શિવ શિવ શિવ. હવે તો ભોળા શંભુ જ બચાવે.

આ વિચારમાં તેઓ અટવાતાં હતાં. ત્યાં જ રૂપેરી ઘંટડી જેવો ભગવાનનો અવાજ આવ્યો: આવો, ગૌતમ ઈન્દ્રભૂતિ ! આવો. તમે ભલા આવ્યાં. હું તમારી જ રાહ જોતો હતો.

આ સાંભળીને ઠંડાગાર થઈ ગયાં. એમને થયું: અરે! આ તો મને વર્ષોથી ઓળખતો હોય એમ વર્તે છે મારું નામ પણ જાણે છે. ગજબ લાગે છે આ માણસ.

પણ વળતી પળે જ આ વિચારને એમણે ખંખેરી નાખ્યો. એમને થયું : અરે ! મારું નામ કોણ નથી જાણતું ? ભલા, સૂર્યને કોણ ન ઓળખે ? હા, મારા મનથી ગૂઢ વાત કહે તો માનું. પણ આ વિચાર પૂરો થાય, તે પહેલાં તો ભગવાનનો મીઠડો સ્વર સંભળાયો : 'હે ગૌતમ ! જગતમાં આત્માનું અસ્તિત્વ છે કે નહીં, આવી શંકા તમને છે, ખરું ? અને એ શંકા તમને વેદવાક્યથી થઈ છે. ખરૂં ? પણ ભાઈ ! જરા ઊંડો વિચાર કરો. વેદના જે વાક્યથી તમને શંકા થઇ છે, તે જ વેદવાક્ય આત્માનું અસ્તિત્વ સાબિત કરે છે. એ સ્યાદ્વાદના દૃષ્ટિકોણથી વિચારશો તો તમારી શંકા આપોઆપ નિમૂળ થઈ જશે.' આમ કહી ભગવાને એ વેદવાક્યના રહસ્યમય અર્થનું ઉદ્ઘાટન કર્યું. એ સાંભળીને ઇન્દ્રભૂતિ આશ્ચર્યચકિત બની ગયા. એમને પોતાની ભૂલ સમજાઈ. એમનું 'અહં' ઓગળી ગયું. પ્રભુચરણે એ ઝુકી પડયાં. ભગવાનનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમણે શરણું લીધું. ભગવાને એમને દીક્ષા આપી પોતાના કર્યા. ગણધર બનાવ્યાં.

આ પછી બાકીના દશ આચાર્યો પણ ક્રમશઃ આવ્યાં. એમને પણ ભગવાને નિઃસંદેહ બનાવી, દીક્ષા આપીને ગણધર બનાવ્યાં.

આ અગિયાર મહાન બ્રાહ્મણાચાર્યો સાથેની ચર્ચા ખૂબ રસપદ છે. એમાં ભરપૂર તત્ત્વજ્ઞાન ભર્યું છે. એ ચર્ચાનો વિસ્તાર 'ગણધરવાદ' નામે સુપરિચિત છે.

કલ્પસૂત્રના વાચનમાં આજે આ 'ગણધરવાદ' આવશે. એ સાંભળીને તત્ત્વજ્ઞાનના રસિયા તૃપ્ત બનશે.

૭

ભગવાન મહાવીરના જીવનકાર્યોમા બે મુખ્ય હતાં: ૧. માનવજીવનના આધ્યાત્મિક મૂલ્યોનું પ્રસ્થાપન. અને ૨. એ મૂલ્યોના પ્રવાહને અવિચ્છિન્ન રાખતાર એક ઉજ્જવલ પરંપરાની સ્થાપના.

એમણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અનેકાંતના મહાન આદર્શો જગત સમક્ષ રજૂ કર્યાં, રજૂ કરવાની એમની રીત આગવી હતી. સર્વ પ્રથમ એ આદર્શોને એમણે પોતાના જીવનમાં ઉતાર્યાં. એક પણ અપવાદ વિના એ આદર્શોનું સંપૂર્ણ આચરણ કર્યું. એ દ્વારા પોતાના આત્માને સો ટચના સોના જેવો નિર્દોષ અને વિશુદ્ધ બનાવ્યો. આત્માના શુદ્ધ-પૂર્ણ સ્વરૂપને પામ્યા. અને એ પછી જ એ અનુભૂત આદર્શોને વિશ્વના ચોકમાં જાહેર કર્યા. ખરે જ, મહાપુરુષો જે કરે છે એ જ કહે છે, શું એ જ એમની મહાનતા નથી?

ભગવાને પ્રસ્થાપિત કરેલાં આ આધ્યાત્મિક મૂલ્યો આજે ૨૫૦૦ વર્ષ પછી પણ એવાં જ અક્ષત અને સનાતન સત્ય સ્વરૂપ છે. એ મૂલ્યોને આજના યુગ સુધી અક્ષત સ્થિતિમાં જાળવી રાખવાનો યશ ઘટે છે-ભગવાને સ્થાપેલી ઉજ્જવલ શ્રમણ પરંપરાને. ન જાણે એ શ્રમણો ન હોત, તો આ યુગ કેવી ઘોર દુર્દશા અનુભવતો હોત!

ભગવાન મહાવીરના આ બે જીવનકાર્યોનું ગુંફન કલ્પસૂત્રમાં સુઘડ રીતે કરાયું છે. એક કવિ કલ્પસૂત્રને કલ્પવૃક્ષ સાથે સરખાવે છે. વૃક્ષની જેમ આ સૂત્રમાં પણ મહાવીર ચરિત્ર 'બીજ' છે. પાર્શ્વનાથ ચરિત્ર 'અંકુર' છે. નેમિનાથનું ચરિત્ર 'થડ' છે. આદિનાથનું ચરિત્ર 'ડાળી' છે. અને સ્થવિરાવલી-શ્રમણોની પરંપરાનું વર્ણન 'ફુલમાળ' છે.

આજે આ સદાપ્રફુલ્લ ફુલમાળાની મીઠી સોડમ માણવાની છે. હજાર હજાર પાંખડીવાળા એના ફુલોની ત્યાગ-કથા આજે સાંભળવાની છે.

એમાં સૌથી પહેલાં આવશે અનંતલબ્ધિના નિધાન ગણધર ગૌતમસ્વામી. વીતરાગ તરફનો રાગ કેવો અખંડ અને અનન્ય હોય, એની પ્રેરણા એમના જીવનમાંથી મળે છે. બીજા દશ ગણધરોનું પણ વર્ણન થશે એ પછી આવશે. આ કાળના છેલ્લાં કેવળજ્ઞાની જંબૂસ્વામી, ચોરી કરવા આવેલાં પાંચસો ચોરોનાં હૈયા જ એમણે ચોરી લીધાં. કવિ કહે છે એમના જેવો 'કોટવાળ' થયો નથી.

આ પછી તો મહાન શ્રુતધર પુરુષોની શ્રેણી આવશે. પ્રભવસ્વામી, શય્યંભવસૂરિ, સંભૂતિવિજયજી, ભદ્રબાહુ સ્વામી અને છેલ્લાં પૂર્ણ શ્રુતધર સ્થૂળભદ્ર. એક એક આચાર્યનું જીવન ત્યાગની અદ્ભુત રસલ્હાણ કરશે. જ્ઞાનની અવિનાશી મહિમા-ગાથા ગાતું જશે.

આ પછીનો ક્રમ ઘણો લાંબો છતાં એટલો જ રસમય હશે. એમાં આર્ય મહાગિરિ, આર્ય સુહસ્તી, આર્ય વજ્રસ્વામી વગેરે મહાજ્ઞાની-મહાત્યાગી શ્રમણ-પુષ્પો ગુંથાશે. છેક છેલ્લે



For Private And Personal Use Only

આવશે વીર સંવત્ ૯૮૦ માં જૈન સિદ્ધાન્તને પુસ્તકસ્થ કરનાર યુગપ્રધાન-મહાપુરુષ દેવર્ધિ-ગણિ ક્ષમાશ્રમણ, સૌરાષ્ટ્રના વલભીપુરને એમના અમર નામ અને કામ સાથે જોડાવાનું સૌભાગ્ય સાંપડયું.

ભગવાન મહાવીરના આદર્શોને અવિચ્છિન્ન રાખનાર આ ત્યાગી નિર્ગ્રંથપરંપરાનું ગૌરવભેર સ્મરણ કરી પાવન થઇએ.

૮

"ક્ષમા માંગું બધાં પાસે, ક્ષમા આઠો બધાં મને,
ક્ષમા આપું બધાંને હું, કોઈથી વેર ના મને."

પર્યુષણાપર્વનો આજે આઠમો દિવસ છે.

સાત દિવસ સુધી વિચારેલું આજે આચરવાનું છે.

સાત દિવસ સાંભળ્યું આજે અમલમાં મૂકવાનું છે.

જીવ પ્રમાદી છે. જાણ્યે-અજાણ્યે એણે કોઇનું મન દુભવ્યું હશે. મને-કમને એનાથી કોઇને કટુવચનો કહેવાયા હશે, ઇચ્છા-અનિચ્છાએ એણે કોઇને ત્રાસ-પરિતાપ આપ્યાં હશે. કયારેક ગુસ્સો ને કયારેક અભિમાન, કયારેક છળકપટ ને કયારેક અસંતોષ, આવાં અનેક અપરાધો એણે આચર્યાં હશે. એ અપરાધોનાં મેલથી ખરડાયેલા એના આત્માને નિર્મળ બનાવવાનું આજે મહાપર્વ છે. વર્ષભરમાં કરેલાં એ અપરાધોનાં ડાઘોને વીણી વીણીને-શોધી શોધીને આજે ધોવાનાં છે.

અપરાધોની લેણાદેણીના હિસાબમાં જરા પણ ભૂલ રહેવા ન પામે, એની આજે કાળજી રાખવાની છે. 'મિચ્છા મિ દુક્કડં'' કહીને દેવું ભરપાઈ કરવાનું છે, મિચ્છા મિ દુક્કડં'' લઈને લેણું જમા કરવાનું છે.

'મિચ્છા મિ દુક્કડં'' એ મૈત્રીનો મહામંત્ર છે. અપરાધી જીવ અપરાધમુક્ત બન્યાની એ નિશાની છે. ફરી કયારેય કોઇનો અપરાધ ન કરવાનો એ કોલ છે. પારસ્પરિક દ્વેષ ભાવની શાન્તિ,-એનું હાર્દ છે.


ભગવાન મહાવીર કહે છે ; ક્રોધ ન કરો, ક્રોધ તો અગ્નિ છે. એ બળશે ને બાળશે. એનો નાશ 'ક્ષમા'થી કરો. ક્ષમા આપવી એ વીરતા છે, કાયરતા નહિ. ખરો કાયર તો ક્રોધી છે. એનો ક્રોધ કાયરતામાંથી પ્રગટે છે. ને એની કાયરતા ક્રોધમાંથી જન્મે છે. સાચો વીર ક્રોધ ન કરે એ તો ક્ષમા જ ધારણ કરે. ને ! 'ક્ષમા વીરસ્ય ભૂષણં.'

જે ક્ષમા કરશે, તેના ચિત્તમાં અણુકલ્પી પ્રસન્નતા લહેરાશે, આજ સુધી બોઝિલ રહીને થાકેલાં એના દિલને ભારમુક્તિને અનેરો આનંદ લાધશે. એ આનંદસાગરમાં મસ્ત બનેલો જીવ જગતમા જંતુમાત્રને મિત્ર માનશે. કોઈ એનો શત્રુ નહિ રહે. અને શત્રુ ન હોય એને ભય શો હોય?એ સાચી નિર્ભયતા પ્રાપ્ત કરશે. અને એ નિર્ભયતાનો અમૃત મીઠો આસ્વાદ એને મોક્ષ ભણી દોરી જશે

ખમનાર ને ખમાવનારની આરાધના સફળ છે.

ન ખમનાર ને ન ખમાવનારની આરાધના વ્યફળ છે.

આપણી આરાધના સફળ બનાવવા કૃતનિશ્ચયી બનીએ.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાપના

લે. ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા
ખમંતુ મે.
મિત્તી મે સવ્વભૂએસુ વેરં મજ્ઝ
ન કેણઇ.

[હું તમામ જીવો પાસે મારા અપરાધોની ક્ષમા માંગુ છું. એ તમામ જીવો મને તેમના તરફના મારા અપરાધોની ક્ષમા આપો તમામ જીવો પ્રત્યે મારો મૈત્રીભાવ છે. મારે કોઈ પણ જીવ સાથે વેરભાવ નથી.]

ક્ષમાના ઓલથી અને પ્રેમના ચક્ષુથી સંસારને સંશોધવાની અને જોવાની શીખ આપનાર પર્વાધિરાજ પર્યુષણ છે.

સાધનાના સાત દિવસ પૂરા થયા પછી ઊગે છે સિદ્ધિનો સંવત્સરીદિન.

આત્મશુદ્ધિ અને આરાધનાના સાત દિવસનો સરવાળો ક્ષમાયાચનામાં છે. આકાશના મેઘથી આચ્છાદિત હૈયું જલ વરસાવી સ્વચ્છ બન્યું હોય–રંગરાગનાં ઇન્દ્રધનુ હવે એમાં રહ્યાં ન હોય એવી રીતે સાત-સાત દિવસ તપ, દાન, સ્વાધ્યાય અને પ્રતિક્રમણની પવિત્ર ધારામાં આકંઠ સ્નાન અને આકંઠ પાન કરનારા ઉપાસકોનાં હૃદય વાદળવિહોણા આકાશ જેવા સ્વચ્છ બન્યાં છે. કામ, ક્રોધ, મદ અને માનનાં ઉન્દ્રધનુ હવે એમની રંગીલા પ્રસારી આડાં પડયાં નથી. નદીઓમાં નવાં જળ આવે અને કાદવ-કીચડ ધોવાઈ જાય તેમ સંવત્સરીદિનના પ્રતિક્રમણ વખતે જીવનમાં અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહની ભાવનાના પૂર વધશે તેમ જ ક્ષમાપનના જળ હિલોળે ચડશે.

કેટલાક લોકો કિનારે વસે છે. તેઓ માત્ર સપાટી પરનાં કોડી અને શંખલા જ મેળવે છે. જળમાં ડૂબકી મારવાની એમને ઈચ્છા કે સાહસ હોતા નથી. જેઓ પશ્ચાત્તાપના જળમાં કે ઉદારતાનાં વારિમાં ડૂબકી ખાતા નથી એમાં આકંટ સ્નાન કરીને શુચિતા પ્રાપ્ત કરતા નથી એમની સઘળી આરધના વ્યર્થ જાય છે.

જેઓ ક્ષમે છે. ક્ષમાવે છે, જેઓ ખમે છે, ખમાવે છે તેઓની આરાધના છે. તેઓની ક્ષમાપના છે. આજે ઘેર-ઘેર, કુટુંબે-કુટુંબે ભડભડતો અગ્નિ પ્રજવળે છે. કયાંક મન ઊંચાં થયાં છે તો કયાંક દિલ રૂઠયાં છે. કયાંક દ્વેષનો ડંખ સતાવે છે તો કયાંય વેરની આગ પ્રજવળે છે, શું જીવનભર એ અગ્નિમાં બળતા મને સળગતા રહેવું છે કે શીતલ ક્ષમાપનાના જળમાં સ્નાન કરવું છે?

આજે એનો નિર્ણય લેવાનો છે. અને તો જ પર્વની આરાધના કરી પ્રમાણ છે. ભગવાન મહાવીરે એક કોડી માટે નવસો નવ્વાણું રૂપિયા ખોનારનું માર્મિક દૃષ્ટાંત આપ્યું છે, 'એક માણસ કમાવા માટે પરદેશ ગયો. ખૂબ મહેનત કરીને એ હજાર રૂપિયા કમાયો. એ હવે સારા સથવારા સાથે ઘેર આવવા નીકળ્યો. એક હજાર રૂપિયામાંથી એક રૂપિયો જુદો રાખ્યો, ને ૯૯૯ વાંસળીમાં નાખી કેડે બાંધ્યા.

એક રૂપિયાની એણે કોડીઓ લીધી અને નક્કી કર્યું કે આ સો કોડીમાં પ્રવાસખર્ચ પતાવવો. ધીરે ધીરે એણે ઘણો રસ્તો કાપી નાખ્યો. હવે ગામ થોડેક દૂર રહેતાં, એ એક ઠેકાણે ખાવા બેઠો. ત્યાં પોતાની પાસેની એક કોડી ભૂલી ગયો. એ આગળ વધ્યો. માર્ગમાં તેને યાદ આવ્યું કે તે એક કોડી પાછળ ભૂલતો આવ્યો છે; ને હવે એક કોડી માટે વળી નવો રૂપિયો વટાવવો પડશે.

પણ કેડે ૯૯૯ રૂપિયાનું જોખમ હતું. એ લઈને એકલા પાછા ફરવું ઠીક નહોતું, એણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક ઠેકાણે ખાડો ખોદી રૂપિયા દાટયા ને કોડી લેવા પાછો ફર્યો.

જે સ્થળે વિસામો લીધો હતો ત્યાં તપાસ કરી. જ્યાં ભાથું ખાધું હતું તે જગ્યા ફંફોળી. જ્યાં પાણી પીધું હતું ત્યાં કાદવમાં હાથ નાંખીને કોડી શોધી, પરંતુ ક્યાંય કોડી ન જડી. દોડતો પાછો પોતાના સ્થળે આવ્યો તો ત્યાં દાટેલા રૂપિયા કોઈ કાઢી ગયું હતું, એની તો કોડીયે ગઈ અને નવસો નવ્વાણુ રૂપિયા પણ ગયા.'

ભગવાન મહાવીરે કહ્યું કે જેમ પેલા માણસે કોડી માટે નવસો નવ્વાણુ ખોયા એમ માણસ પોતાની વૃત્તિઓ ખાતર લાખેણા આત્માને ખોઈ નાંખે છે. કોડી જેવા દેહ માટે આત્માની અમીરાઈ ગુમાવે છે.

## સંવત્સરીનો મર્મ

પર્યુષણપર્વની આરાધનાના દિવસોમાં આત્માને ખોજવાની જરૂર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલાં મદ, માન, મોહને ભલે ખોઇ નાંખીએ પણ લાખેણા આત્માને શોધીએ. આમેય પર્યુષણ એ આત્માની નજીક જવાનું. આત્માને શોધવાનું પર્વ છે. ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે, વેરના અંધકારમાં, દ્વેષના દાવાનળમાં, બદલાની બૂરી ભાવનામાં વિહરતા જીવને માટે આજે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિત્તનું પૂર્વ ઊગ્યું છે, દીપાવલીના પૂર્વે નફા તોટાનો હિસાબ કરવામાં આવે. સંવત્સરીપર્વનો અર્થ છે વાર્ષિક પર્વ. આ દિવસે વર્ષભરના સારા-નરસાં કાર્યોનું સરવૈયું કાઢીને ખોટાં કાર્યોમાંથી મુક્તિ મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ.

આપણા આગમ શાસ્ત્રોમાં ત્રણ વેપારીનું એક દૃષ્ટાંત આવે છે. આમાં ત્રણ વેપારીઓ સરખી મૂડી લઇને વેપાર કરવા નીકળ્યા હતા. દેશ-દેશાવરમાં ઘૂમીને ઘણા દિવસે સહુ પાછા ફર્યા. પહેલો વેપારી મૂળ મૂડીને બમણી કરીને પાછો આવ્યો. બીજો ભાવની મંદીમાં ફસાયો છતાં મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. ત્રીજો વેપારી તો નુકશાનીમાં ડૂબી ગયો. કમાણીની વાત તો દૂર રહી પણ મૂળગી રકમ જ ખોઈને આવ્યો.

આ ત્રણ વેપારી જેવા સંસારના તમામ જીવો છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપી મૂળ મૂડીને જાળવે છે, ને ઉપરાંત પૂજ્યતાને પામે છે, મનુષ્ય જીવનમાં સદાચાર, શીલ ને વ્રત પાળી મુક્ત બને છે.

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા, પણ મનુષ્યત્વ જાળવી રાખે છે, સાદા આચારો એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો તો મનુષ્યત્વ પણ ખોઈ નાંખે છે. ને અનાચારી ને દુરાચારી બની નરકના ભાગી બને છે.

## દોષદર્શન અને આંતરખોજ

આજના દિવસે આપણે જાતને ખોળવાની છે. ભૂલ કોનાથી નથી થતી? માણસ માત્ર ભૂલને પાત્ર ગણાય છે. આવી ભૂલ કોઈવાર આપમેળે થાય છે, કોઇવાર કર્મબળે થાય છે, કોઈવાર ગેરસમજથી થાય છે. આપણે ઇચ્છીએ ન ઇચ્છીએ તો ય જીવનના વ્યવહારમાં કલેશ અને કંકાસ થાય છે આ બધી ભૂલો કર્મની પાટી પર જરૂર અંકિત થશે, પણ એ વજ્રલેપ બને તે પહેલાં એ પાટીને કોરી કરવાનો પ્રયત્ન તે ક્ષમાપના છે.

ભગવાન મહાવીરે એમના પૂર્વભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શૈય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડયું હતું. યુગો વીતી ગયા પછી ભગવાન મહાવીરની સાધનાનું બારમું વર્ષ ચાલતું હતું ત્યારે પૂર્વ ભવનો શૈય્યાપાલક ગોવાળ તરીકે આવે છે, ભગવાન મહાવીરના બંને કાનમાં શૂળ ખોસી દે છે. આ ઘટના બતાવે છે કે વેરનું ઝેર સમયસર ઉતારવામાં ન આવે તો કેવું દારૂણ પરિણામ આવે? સંવત્સરીપર્વની સાચી સિદ્ધિ દોષ દર્શનમાં છે, ડગલે ને પગલે વેરાયેલા રાગ-દ્વેષના પંક પાર કરી જવામાં છે. ભૂલો પ્રત્યે જાગૃત ન થાય તો એની ઘણી ખરાબ દશા થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'મન જીત્યું તેણે સર્વ જીત્યું'

લે. કુ. કોકિલાબેન બી. શાહ

મનુષ્ય માત્રને માટે મન જ બંધ અને મોક્ષનું કારણ છે. સમયે સમયે પ્રત્યેક જીવાત્મા અસંખ્યાતા કર્મોના પુદ્ગલો જાણે-અજાણે ગ્રહણ કરે છે અને છોડે છે. મન વચન અને કાયા કર્મબંધન અને કર્મવિમુક્તિના કારણરૂપ છે. મન, વચન અને કાયાનો સાવધાની પૂર્વકનો યોગ આત્માને કર્મથી મુક્ત કરે છે અને એજ મન, વચન, કાયાનો અસાવધાની ભર્યો ઉપયોગ જીવને કર્મ બંધનમાં જકડે છે. વચન અને કાયાનો નિગ્રહ માણસ ધારે તો સાવધાની-પૂર્વક કરી શકે છે. પણ માનવનું નાનકડું, અગોચર એવું મન કશાય કારણ વિના આખી દુનિયાનું પરિભ્રમણ પલમાત્રમાં કરીને અસંખ્ય કર્મોના દલ અસાવધપણે એકત્રીત કર્યા જ કરે છે

મન માંકડુ છે. આ નાનકડા મનને નાથવું અતિ દુષ્કર છે, ક્ષણમાત્રની ગફલતમાં એ આપણને છેતરી જાય છે. તેના પર સતત Watch રાખવી ખુબ જરૂરી છે, છતા તે દગો દઇ દે છે. મોટા મોટા ઋષિ, મુનિ, તપસ્વીઓ પણ મન પાસે હારી જાય છે. તેથી જ તો પરમયોગી પૂ. શ્રી આનંદઘનજી મહારાજે પ્રભુ કુંથુનાથ સ્વામી પાસે એક માત્ર યાચના કરી કે 'પ્રભુ અત્યંત દુશસાધ્ય એવું મન આપે સાધ્યું છે, "મનડું દુરાસાધ્ય તેં વશ આણ્યું આનંદઘન પ્રભુ માહરું આણો" કારણ? "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું." અનંત સંસાર વૃદ્ધિનું કારણ પણ આ નાનકડું મન અને એ સંસાર મુક્તિનું કારણ પણ એ જ મન, જો જાગૃતિ પુર્વક એને સાધવામાં આવે તો!

પ્રભુ મહાવીર પરમાત્માએ ચાર જ્ઞાનમાં ધણી અને પ્રભુને સંપૂર્ણ સમર્પિત એવા ગુરુ ગૌતમ સ્વામિને વારંવાર કહ્યું છે કે "સમયં ગોયમ્ મા પમાઈએ" જે રીતે અર્જુનને નિમિત્ત બનાવી ભગવાન શ્રી કૃષ્ણે સમગ્ર માનવ જાત માટે ભગવત્ ગીતાનું સર્જન કર્યું, તેજ રીતે પરમકૃપાળુ પરમાત્માએ પોતાના પ્રિય શિષ્ય ગુરુ ગૌતમસ્વામીને નિમિત્ત બનાવી સમગ્ર માનવ જાતને જાગૃત કરી છે. પ્રમાદ એટલે? અજાગૃતિ, અસાવધતા. મનની ક્ષણમાત્રની અજાગૃતિ આપણો કેવો વિનાશ સર્જે છે, અને એજ મનનો સમજ-પુર્વક, સાવધપણે થયેલો પુરૂષાર્થ સિદ્ધીના કેવા શિખરો સર કરાવે છે તેનું અજોડ દૃષ્ટાંત આપણા શાસ્ત્રમાં શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિનું જોવા મળે છે.

પોતનપુર નગરમાં પ્રસન્નચંદ્ર રાજા રાજ્ય કરતાં હતાં. રાજા અતિ ધાર્મિક, સત્યવાદી અને ન્યાયપ્રિય હતા, એક દિવસ પોતાના ઝરૂખામાં બેસી નગરની શોભા નિહાળી રહ્યા હતા. આકાશમાં સોહામણી સંધ્યા ખીલી હતી, સંધ્યાની મનોહર રંગાવલી આકાશને શોભાવતી હતી. સંધ્યાને આ નવલું રૂપ અને આકાશનું સૌંદર્ય પ્રસન્નચંદ્ર એકી ટશે નીહાળી રહ્યા, એની આંખો એ રૂપ સૌંદર્યનું પાન કરતાં ખુબ હર્ષિત થઈ ગઇ. પ્રસન્નચંદ્ર રાજર્ષિ પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા.

પણ પ્રતિદીન ખીલતી આ નવલી સંધ્યાનું રૂપ તો ક્ષણિક જ છે ને? જોતજોતામાં આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનોહર રંગાવલી અંધકારમાં વિલિન થઈ ગઈ. ચોતરફ કાળો અંધકાર છવાઈ ગયો.

રાજા પ્રથમથી જ ધાર્મિક મનોવૃત્તિ વાળો, પૂર્વ જન્મનો સાધક જીવ હતો. નિમિત્ત મળતાં આત્મા જાગૃત થઇ ગયો. "અહો! સંધ્યાનાં આ રંગોની જેમ આ ગુલાબી જીવન, આ સુંદર દેહ સઘળું નાશવંત છે, અનિત્ય છે." આમ અનિત્ય ભાવતાં ભાવતાં તેનું મન વૈરાગ્યથી વાસિત થઈ ગયું. જીવ જાગે છે પછી કુટુમ્બ, પરિવાર, સંયોગો કશાનો વિચાર કરવા નથી રહેતો.

પ્રસન્નચંદ્ર રાજર્ષિએ પોતના પાંચજ વર્ષના રાજપુત્રનો રાજ્યાભિષેક કર્યો અને પુત્ર તથા વહીવટ મંત્રીને સોંપી સાક્ષાત પ્રભુ મહાવીરના સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી. વિચાર તો કરો! કેવું પરમ સૌભાગ્ય કે ખુદ તીર્થંકર ભગવાનના સ્વમુખે જેને 'કમેમિભંતે'ની ભેટ સાંપડી!

પ્રભુની આજ્ઞા લઈ પ્રસન્નચંદ્ર મુનિ આ જમતમાં સાર રૂપ નિત્ય એવા આત્મ શોધનમાં જેમનું મન પ્રવૃત્ત થયું છે તેવા તે સાધુચર્યાને શોભાવતા, વિહારો કરતાં, રાજગૃહી નગરીના ઉદ્યાનમાં કાર્યોત્સર્ગ ધ્યાનમાં ઉભા છે. બે હાથ આકાશમાં ઊંચા કર્યા છે. એક પગે ઉભા છે અને કઠોર આતાપના લઇ રહ્યા છે.

તે અવસરે પરમાત્મા મહાવીર પ્રભુ કેવલી-પર્યાયમાં વિચરતા, ચૌદ હજાર સાધુઓથી પરિવૃત થયેલા, દેવતાઓ રચીત દિવ્ય સુવર્ણ કમલો પર ચરણકમલને ધારણ કરતાં રાજગૃહી નગરીનાં ગુણશીલ ઉદ્યાનમાં દેવતાઓ રચીત સમવસરણમાં બિરાજ્યાં છે.

રાજગૃહી નગરીના મહારાજા શ્રેણીકના રોમ-રોમમાં પ્રભુ મહાવીરનો ગુંજારવ હતો તેના વનપાલકે વધાવણી આપી કે "હે સ્વામિન આપને અત્યંત વહાલા પ્રભુ મહાવીર આપણાં ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા છે. આ સમાચાર સાંભળી રાજાના રોમરોમ હર્ષથી પુલકિત થઈ ગયા, વનપાલકને કંઈ દ્રવ્ય બક્ષિસમાં આપ્યું. પોતાના પ્રિય પ્રભુ પધાર્યાની આ વધાઈ હતી, તરત જ મહારાજાએ મોટા ઠાઠમાઠ અને આડંબર સાથે પ્રભુનાં દર્શન-વંદને જવાની ભવ્ય તૈયારીઓ કરાવી અને ચાલ્યાં.

મહારાજા શ્રેણીકનાં સૈન્યમાં અગ્રભાગે સુમુખ અને દુર્મુખ નામનાં બે ચોપદારો ચાલતા હતા. તેઓએ રસ્તામાં વનમાં પ્રસન્નચંદ્ર મુનિને કાર્યોત્સર્ગ ધ્યાનમાં ઉભેલા જોયા. આથી અંદર અંદર બન્ને વાત કરવા લાગ્યા, સુમુખ કહે, "ધન્ય છે આ મુનિને જેણે અખુટ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને આ કઠોર એવું સંયમ જીવન સ્વીકાર્યું છે, આવા મહાન આત્માના નામનો ઉચ્ચાર માત્ર કરવાથી અનંતા પાપોનો નાશ થાય તો તેમના દર્શન વંદનથી તો કેટલો લાભ! ત્યારે દુર્મુખ કહે છે કે "અરે, આ મુનિનું નામ લેવામાં પણ પાપ છે. જીવનમાં જે પોતાની ફરજો અને કર્તવ્યનું પાલન કરવામાં પીછેહઠ કરે છે, તેનાં જેવું નીંદનીય, કાયર બીજું કોઇ નથી" કારણ આ મુનિએ પોતાના પાંચ જ વર્ષના બાળકને રાજગાદી સોંપીને દીક્ષા લીધી છે દુશ્મનોએ એકઠા થઈને તેનાં નગરને ઘેરી લીધું છે. નગરવાસીઓ આક્રંદ અને વિલાપ કરે છે. મોટું યુદ્ધ ચાલી રહ્યું છે. દુશ્મનો બાલ રાજકુમારની હત્યા કરીને રાજ્ય ગ્રહણ કરશે. આ બધું પાપ કોના શીરે? તેની તું પ્રશંસા કરે છે?

માનવીનું મન નિમિત્ત વશ છે. સુનિમિત્ત મળતાં તે અભ્યુદયની સીડી ચડવા લાગે છે. પણ એ જ મન સહેજ આજ દુર્નિમિત્ત મળતા સડસડાટ ગબડી પડે છે, ઉપરનાં બંને ચોપદારોનો વાર્તાલાપ કર્ણપટ પર અથડાતાં જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યાનસ્થ મુનિનું ધ્યાનભંગ થઇ ગયું. મુનિ, મુનિપણાને વીસરી ગયા. પરિણામની ધારાનો પ્રવાહ વકાઇ જતાં ક્ષણવાર ન લાગી, કર્મનિર્જરાની અખંડ ધારા ક્ષણમાત્રમાં કર્મબંધનમાં પલટાઇ ગઈ, ધર્મધ્યાન અને શુકલ ધ્યાનનો ઘૂઘવતો મહાસાગર, આર્ત, રૌદ્ર ધ્યાનની મહાજ્વાળાઓમાં ભભૂકવા લાગ્યો. જ્ઞાનીઓ પણ જેનો પાર પામી નથી શકયા. એવા આ મને નિર્ગ્રંથ અણગાર મુનિને મુનિદશાનું ભાન ભૂલાવી દીધું. મુનિ, મુનિ મટી રાજવી બની ગયા. શસ્ત્ર સજજ રાજવી મનોમન દુશ્મનો સાથે ભયંકર યુદ્ધ ખેલવા લાગ્યા. "એક મર્યો, બે મર્યા, અહા, કેટલાને ધરાશાયી કરી દીધા" અને પ્રસન્નચંદ્ર પોતાની આ વીરતા પર પ્રસન્ન પ્રસન્ન થઇ ગયા. "મારા જીવતા મારા શત્રુએ મારા બાળકને મારીને રાજ્ય ગ્રહણ કરે? બને જ કેમ?" હવે માત્ર એક શત્રુ બાકી રહ્યો, શસ્ત્રો ખલાસ થઈ ગયા. કંઈ નહીં, માથા પર જે લોઢાનું બખ્તર પહેરેલું છે તેનો લોઢાનો પાટો એક અને દુશ્મન ખલાસ!" પ્રસન્નચંદ્ર હવે મુનિ કયાં હતા? રૌદ્ર ધ્યાનમાં મગ્ન અને પોતાનાં વિજય પર મુગ્ધ રાજર્ષિએ માથા પરનો લોઢાનો પટ્ટો લેવા કાયોત્સર્ગમાં ઉંચો રાખેલો પોતાનો હાથ ખરેખર જ મસ્તક પર મૂકયો, અને મુનિ ચમકયા! કયાં હતો રાજમુગુટ! કયાં છે બખ્તર! કયાં હતો લોઢાનો પાટો? ત્યાં હતુ તાજુંજ લોચ કરેલું સુંવાળું મસ્તક! મુનિ ભાનમાં આવી ગયા. "અહા! પ્રમાદવશ એવા મેં આ શું કર્યું? " કોનું રાજ્ય? કોનો પુત્ર? કોના શત્રુઓ? કોની પ્રજા? અહો! મને ધીક્કાર છે, મુનિ રૌદ્ર ધ્યાનના વિનાશ માર્ગથી પાછા વળી પશ્ચાતાપની કેડી પર ચડી ગયા, આ મનની લીલા તોજુઓ! એક વરઘોડો તેની પાસેથી પસાર થઇને પ્રભુ મહાવીર પાસે પહોંચે એટલી વારમાં તો એણે મોક્ષમાર્ગના યાત્રિકને સાતમી નારકીએ પહોંચાડી દીધો અને પ્રભુની દેશના પૂરી થઇ ત્યાં પાછો મોક્ષમાર્ગ પર લાવી કેવલજ્ઞાનની ભેટ આપી દીધી.

જે સમયે પ્રસન્નચંદ્ર મુનિ રૌદ્ર ધ્યાનની ભઠ્ઠીમાં જલતા હતા ત્યારે તેમનું બાહ્ય સ્વરૂપ તો સાધક મુનિનું હતું. ત્યાંથી પસાર થતા શ્રેણીક મહારાજાએ બહુમાનપૂર્વક મુનિની ખૂબ ખૂબ અનુમોદના કરી, કારણ શ્રેણીક મહારાજા ગુણાનુરાગી હતા, તેમને તો થયું કે અહો! ધન્ય છે આ મુનિને જેઓ આત્મ સાધનામાં લીન બન્યા છે." આ પ્રમાણે વારંવાર સ્તુતિ કરતા ત્રણ પ્રદક્ષિણા દઈ, અત્યંત ભાવપૂર્વક વંદના કરી, પછી પાછા હાથી ઉપર આરૂઢ થઈ પ્રભુ મહાવીરના દર્શને ચાલ્યા. પ્રભુ મહાવીરનું સમવસરણ અને સાક્ષાત પ્રભુનું દર્શન કરતા તેમનાં અણુએ અણુમાં હર્ષ વ્યાપી રહ્યો, ખૂબ ખૂબ ભાવ પૂર્વક સ્તુતિ કરતાં વંદન કરીને પ્રભુની દેશના સાંભળવા લાગ્યા. પણ તેમના હૃદયમાં પેલા મુનિ છે, વારંવાર મનોમન તેમને અભિનંદે છે. આથી દેશનાં પૂરી થતાજ મહારાજા શ્રેણિક વિનય પૂર્વક પ્રભુને પુછે છે કે પ્રભુ જે વખતે મેં પ્રસન્નચંદ્ર મુનિને વાંદ્યા તે વખતે તેઓ આત્મસાધનામાં મગ્ન હતા. તે વખતે તેઓ કાળધર્મ પામે તો તેમની શી ગતી થાય?

પ્રભુ કહે છે કે સાતમી નારકીએ જાય, શ્રેણીકના આશ્ચર્યનો કોઇ પાર રહેતો નથી પ્રભુ તેને સર્વ વૃત્તાંત સમજાવે છે કે તે જયારે તે મુનિને વાંદ્યા ત્યારે તો તે રૌદ્ર ધ્યાનમાં મગ્ન હતા, તે પછી જાગ્રત થયા, અને ફરી પ્રાયશ્ચિત સાથે પ્રભુધ્યાનમાં લીન થઈ પોતાનાં નઠોર એવા આત્માને નીંદતા ક્ષણે ક્ષણે ખરાબમાં ખરાબ અધ્યવસાયથી બાંધેલા કર્મદલોને મૂળમાંથી ઉખેડી નાખવાં માંડયા અને શુભ અધ્યવસાયના બળથી સાતે નરક ભૂમિને અનુક્રમે છેદતાં ઉત્તરોત્તર સર્વાર્થ સિદ્ધ વિમાનમાં પહોંચવા સુધીના કર્મદલો એકત્રિતકર્યા.... પ્રભુ શ્રેણિકને આ પ્રમાણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાત કરે છે ત્યાં આકાશમાં દેવ દુંદુભિનો નાદ થયો, પ્રભુ મહાવીર કહે છે કે, જુઓ શ્રેણિક પ્રસન્નચંદ્ર મુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને દેવો જયજયકાર કરે છે.

શ્રેણિક કહે છે કે પ્રભુ આ તે કેવું આશ્ચર્ય! ત્યારે પ્રભુ કહે છે કે હે શ્રેણિક! સર્વત્ર મન એક જ પ્રધાન છે, જે મન પ્રસન્નચંદ્ર રાજર્ષિને સાતમી નરકે ઘસડી ગયું હતું તે જ મનની શુદ્ધ પરિણામની ધારા વડે ક્ષપકશ્રેણી માંડીને પરમપદની પ્રાપ્તિમાં પરમકારણ રૂપ પરમ ઉજ્જવલ એવું કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત થયું.

'મન કી જીતે જીત' 'મનકી હારે હાર' પણ આ મન જીતવું કેટલું દુષ્કર છે? આગમ આગમ ધરને હાથે નાવે કિલ વિધ આંકું "મુક્તિ તણાં અભિલાષી તપીયા જ્ઞાન ધ્યાન વૈરાગે" અને છતાં તે દગો દઈ દે, "સૂર નર પંડિત જન સમજાવે સમજે ન મારો સાલો!" પરમયોગી પૂ. આનંદઘનજી મહારાજ મનની આ અકળ લીલા આપણને સત્તરમાં તીર્થંકર શ્રી કુંથુનાથ સ્વામિના સ્તવનમાં સમજાવે છે... મોટા મોટા અધ્યાત્મ યોગીઓ પણ મનની લીલાનો પાર પામી શકતા નથી, માટે જ કહ્યું છે કે "મન સાધ્યું તેને સઘળું સાધ્યુ" આ મન જેમણે જેમણે સાધ્યું તેઓ જીવનમુક્ત દશાને પામી ગયા અને છેવટે સંસાર સાગરનો પાર પામી ગયા. પ્રસન્નચંદ્ર મુનિ પણ ઘણાં વર્ષો સુધી કેવલીપણે આ ભૂમિ પર વિચર્યા અને અંતે મોક્ષપદને પામી ગયા.... ધન્ય છે આ મહાત્માઓને જેમને મનને સાધ્યું કોટી કોટી વંદના તે સાધુના ચરણકમલમાં!

(પૂ. ધર્મદાસ ગણિ વિરચીત ઉપદેશમાળા ભાષાંતરને આધારે.)

## ભવતારક ક્ષમા

ક્રોધ વિભાવ છે. ક્ષમા સ્વભાવ છે. ક્રોધ દ્વેષ છે, ક્ષમા મૈત્રી છે. ક્રોધ મારક છે, ક્ષમા તારક છે. આ ક્ષમાના અમૃતથી આત્મનો અભિષેક કરવાથી દુરાગ્રહ, વિગ્રહ, વિદ્વેષ, દ્રોહ આદિ આઘાત ઓગળી જાય છે. જો ક્રોધને વધુ જમાવી રાખવામાં આવે તો તે વેરનું રૂપ લે છે, અને વેર એ તો ભવોભવ સુધી માનવીને ક્રોધમાં રાખે છે, આથી જ મહાસતીજી ધનકુંવરબાઈસ્વામી યોગ્ય જ કહે છે કે, "વેરમાં વિગ્રહ છે, અવેરમાં નિગ્રહ છે. વેરમાં વિનાશ છે. જ્યારે અવેરમાં વિકાસ છે. વેરમાં વાંધો છે તો અવેરમાં સાંધો છે. વેરમાં વિષમતા છે તો અવેરમાં સમતા છે. વેરમાં વકીલાત છે, જ્યારે અવેરમાં કબૂલાત છે. વેર વિકૃતિ છે તો અવેર સંસ્કૃતિ છે. વેર વમળ છે જ્યારે અવેર કમળ છે. અને આ વેરનાં વિષ ઉતારવાનો અમર મંત્ર તે ક્ષમાપના છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંગલ વિભૂતિ-ગૌતમસ્વામી

પ્રેષક : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા–ભાવનગર.

સર્વારિષ્ટ પ્રણાશાય સર્વાભીષ્ટાર્થ-દાયિને ।
સર્વલબ્ધિનિધાનાય, ગૌતમસ્વામિને નમઃ ॥

જીવનસાધના, યોગસાધના કે મોક્ષસાધનાના રાજમાર્ગ પર જે સાધકો પુણ્યયાત્રિક બને તેનાં મોહ, માયા અને મમતાનાં જાળાં અને કલેશ, કષાય અને કર્મોનાં બંધન દૂર થઈ જાય. અભય, અવૈર અને અદ્વેષના ત્રિવેણી સંગમમાં જીવન-નૌકાને વહેતી મૂકી દે તેનું જીવન સર્વત્ર વાત્સલ્યની અમૃતસરિતા વહાવે છે. જેમ પારસમણિના સંપર્કથી પામરતા ચાલી જાય છે તેમ જીવનસાધના દ્વારા આત્માની ખોજ અને અમૃતતત્વનો સાક્ષાત્કાર પામેલાં વીરરત્નોના પ્રભાવથી પગલે પગલે અમીછાંટણાં વરસે છે.

જેનાં ગુણગરિમાથી ઓપતાં સ્ફટિકમય વ્યક્તિત્વમાં નમ્રતા, સરળતા અને ઉજ્જવળતા પ્રતિબિંબિત થાય છે અને મહાન જ્ઞાની હોવા છતાં, જ્ઞાનનું ગુમાન નહિ-મોટપણાનું અભિમાન નહિ તેવા અનન્ત સિદ્ધિ-લબ્ધિના સ્વામી ગુરુ ગૌતમ એક આત્મસાધક સંત હતા. પ્રાણીમાત્રનું ભલું ઇચ્છનાર પ્રેમ અને વાત્સલ્યની કરુણામૂર્તિ હતા, એક શ્રેષ્ઠ સાધક હોવા ઉપરાંત તેઓ અનેક જીવોના આધાર સ્તંભ હતા.

જે ધરતીનાં કણ પર ધર્મી, ધર્મસ્થાપકો અને ધર્મકાર્યોનો મહાસાગર ઉછળતો હતો તે પ્રદેશ તે મગધનો બડભાગી પ્રદેશ. આ જ મગધદેશ ભગવાન મહાવીરસ્વામીના જન્મ અને નિર્વાણની ભૂમિ–ધર્મનાયકોની અવતારભૂમિ અને ધર્મશાસ્ત્રોની રચનાનો પ્રેરણા સ્રોત્ર. આ મગધ-દેશના ગોબર નામના ગામમાં વેદ–વેદાંગમાં પારગત એવા વસુભૂતિ નામના બ્રાહ્મણ રહે. પૃથ્વી તેમની પત્ની. વિદ્યાધન તે તેમની સંપત્તિ અને વિદ્યાદાન તે તેમનો વ્યવસાય. તેઓને ત્રણ પુત્રો હતાં. ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ. દિવ્ય, તેજસ્વી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ આ ત્રણે નરરત્નોના ચહેરાઓ પ્રસન્નતા આપતા. પિતા પાસેથી વારસામાં મળેલી વિદ્યાનો ઉપયોગ યજ્ઞકર્મ અને વેદવિદ્યામાં કરતા. ધર્મ-ક્રિયા અને શાસ્ત્રાર્થોમાં આ ત્રણે કુમારો હરતી-ફરતી વિદ્યાપીઠ સમાન હતા.

પંડિત ઇન્દ્રભૂતિ તેમાં મોટા પુત્ર હતા. વિક્રમ સંવત પૂર્વે ૫૫૦ માં તેનો જનમ્યા હતા. પૂર્વ દિશામાંથી તેજસ્વી રવિબિમ્બ પ્રગટે, આકાશમાંથી ધૂમકેતુનો તેજ લિસોટો પ્રગટે કે ખાણમાંથી મૂલ્યવાન હીરો ઝળહળે તેમ નાનકડા ગામમાં મહાન ઇન્દ્રભૂતિ ગૌતમનો જન્મ થયો હતો.

વજ્ર જેવી મજબૂત સાત હાથની ઊંચી ઊડછંદ કાયા અને સપ્રમાણ અંગ ધરાવતા ઇન્દ્રભૂતિનો વાન સોનાની રેખા જેવો ઊજળો હતો. છતાં સૌન્દર્યનો લેશમાત્ર ગર્વ નહિ. મહાપંડિત હોવા છતા તેમનામાં નહોતી ધનની લોલુપતા કે સંપત્તિની તૃષ્ણા. શ્રી કૃષ્ણ વગવાને ભગવત્‌ગીતામાં અર્જુનને કહે છે.

"कर्मण्येवाधिका रस्ते मा फलेषु कदाचनः ।

અર્થાત્ કર્મ કરવાનો જ તારો અધિકાર છે. તું ફળની આશા રાખીશ નહિ.

ઇન્દ્રભૂતિ ગૌતમ ઉન્નત આદર્શ અને સદા પુરૂષાર્થ દ્વારા ક્રિયાકાંડમાં વિશારદ બની ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ અરસામાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને સાડાબાર વર્ષની લાંબી આત્મસાધના પછી કેવળજ્ઞાન પ્રગટ્યું. કલ્યાણક મહોત્સવ ઊજવવા સ્વર્ગના દેવદેવીઓ ધરતી પર આવ્યા. સમવસરણની રચના થઇ. એવો તો પ્રભાવ હતો કે-

अहिंसा प्रतिष्ठायां तत्सन्निध्यौ वैरत्यागः।

પ્રાણી માત્ર પરસ્પરનો વેર-ભાવ ભૂલી ગયા હતાં.

પરંતુ ભગવાન મહાવીરની ધર્મદેશનાને સુખ સાહ્યબી અને ભોગ-વિલાસમાં રહેલાં દેવ-દેવીઓ તો કયાંથી સમજે? કહેવાયું છે ને કે સિંહણનું દૂધ તો સુવર્ણપાત્ર જ ઝીલી શકે પોતાનું કર્તવ્ય નિભાવવા ભગવાન મહાવીર અપાપાનગરીમાં પધાર્યા.

આ સમયે સોમિલ નામના બ્રાહ્મણે યજ્ઞ શરૂ કર્યો. તેમાં નામાંકિત વિદ્વાનોને આમંત્રણ આપવામાં આવ્યું. તેમાં વસુભૂતિના ત્રણે પુત્રો-ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ પણ હતા. હજારો લોકો આ મહાયજ્ઞના દર્શને જઇ રહ્યા હતા. અને.... બીજી બાજુ એક આવું જ અદ્ભુત દૃશ્ય હતું. અસંખ્ય માનવીઓ ભગવાન મહાવીરની ધર્મપરિષદમાં જઇ રહ્યા હતા એક બાજુ યજ્ઞમાં હોમવા માટે નિર્દોષ પશુઓનો આર્તનાદ સમગ્ર વાતાવરણને કરુણામય બનાવતો હતો. અને બીજી બાજુ નગરીનું આકાશ દેવ-વિમાનોથી છવાઈ ગયું હતું. ઘડીભર તો ઈન્દ્રભૂતિ ગૌતમ ગર્વ અને આનંદ અનુભવવા લાગ્યા. પણ દેવવિમાનો યજ્ઞભૂમિના આંગણામાં ઊતરવાને બદલે બીજી દિશામાં જતાં હતાં! જ્યારે તેમને ખબર પડી કે આ દેવો ત્રિકાળજ્ઞાની ભગવાન મહાવીરસ્વામીની ધર્મસભામાં જાય છે ત્યારે તેમને (ઈન્દ્રભૂતિને) ઊંડો આઘાત લાગ્યો અને વિચારવા લાગ્યા કે મારી જેવો પંડિત બેઠો હોય ત્યાં બીજો કોણ સર્વજ્ઞ હોવાનો ઢોંગ કરી શકે? ભગવાન મહાવીરના સર્વજ્ઞપણાનું ગુમાન ઊતારવા માટે તેમની બેચેની અને અધિરાઈ વધતા ગયાં. તેમનું અંતર એક મ્યાનમાં બે તલવાર જેવી બેચેની અનુભવી રહ્યું તેમને કયાં ખબર હતી કે પાણીના પરપોટાને ફુટતાં અને વાદળના છેતરામણા રંગોને ભૂંસાઇ જતાં કેટલી વાર! કોઈ અજબ, અકળ અને અકથ્ય અકળામણ એમનું અંતર અનુભવતું હતું. પોતાના ૫૦૦ શિષ્યો સાથે ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરની ધર્મસભામાં પહોંચી ગયા. ભગવાન મહાવીરની આ સભાનું વાતાવરણ અહિંસા, કરુણા, વાત્સલ્ય બની લહેરી ઊઠયું હતું, ઈન્દ્રભૂતિ પળવાર વિચારી રહ્યાઃ કેવું પ્રશાન્ત રૂપ, આત્મવૈભવ અને દિવ્ય તેજ! મહાવીર કયાં કોઇના હરીફ હતા! "ઈન્દ્રભૂતિ ગૌતમ, પધારો!,' શબ્દોમાં વડીલ સમું વાત્સલ્ય, વહાલપ, મધુરતા અને ઋજુતા વરસતી હતી પણ ઈન્દ્રભૂતિના અહમ્‌નો કીડો સળવળી રહ્યો હતો, ત્યાં તો ભગવાને તેમના મનના આત્માનાં આસ્તત્વ વિષેનો સંદેહ દૂર કર્યો. ઈન્દ્રભૂતિ ગૌતમનાં મનનું ઢાંકણ ખૂલી ગયું. ચિત્તમાં સત્યની ઝાંખી થઇ, જિજ્ઞાસાની તૃપ્તિથી અંતરના તાર રણકી ઊઠયા:

"सुनकर इन्द्रभूति के मन में प्रेम उमड
भर आया।
सर से उठकर प्रभु के पग में शीश
नमाया॥"

ગૌતમનું હૃદય મહાવીરમય બની ગયું. કલ્પવૃક્ષ સમાન સમભાવી અને સર્વદર્શી ભગવાન મહાવીરના ચરણોમાં તેઓ ૫૦૦ શિષ્યો સહિત જોડાયા ત્યારે ભગવાનનાં નેત્રો કરુણા અને વાત્સલ્યનો અભિષેક કરી પ્રથમ શિષ્યને સ્વીકારી રહ્યાં હતા. ઈન્દ્રભૂતિને આવતા વાર થઇ તેથી તેના બન્ને ભાઇઓ અગ્નિભૂતિ અને વાયુભૂતિ તપાસાર્થે ગયા. લોહચુંબક લોખંડને આકર્ષે તેમ તેઓ પણ પોતાના શિષ્યો સાથે દીક્ષિત થઈ ગયા. ગૌતમસ્વામી ભગવાન મહા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરના પ્રથમ ગણધર બન્યા. કુલ ૧૧ પંડિતો અને ૪૪૦૦ શિષ્યો પણ તેમના પંથે જોડાયા. ગુરુ ગૌતમસ્વામી સમસ્ત શ્રમણ સંઘના નાયક બન્યા. જીવનસાધના અને શાસન પ્રભાવનાના રંગે રંગાયેલા ગૌતમસ્વામીનું જીવન અને કાર્ય ધન્ય બની ગયાં. તે દિવસ તે વૈશાખ સુદિ અગિયારસનો યાદગાર દિવસ.

ધરતીના પેટાળમાં બીજ રોપાય છે; ખાતર, પાણી અને માળીની મમતાભરી માવજત તેને મળે છે. સમયની સાથે સાથે ફુલનો અવતાર ધારણ કરે છે. આ રીતે જીવનનો વિકાસ કે વિનાશ એ કોઈ એકાએક બનતી ઘટના નથી. કાળની પરિપાટી પર અનેક લીસોટા રચાય છે ત્યારે જીવનનું ફુલ ખીલે છે. ગૌતમસ્વામી ભગવાન મહાવીરને સમર્પિત થઈ ગયાં, તેમની વચ્ચેનું સ્નેહબંધન ઘણાં પૂર્વભવોથી જોડાયેલું હતું.

ભગવાન મહાવીરના મરિચિના ભવે તેમની શ્રદ્ધા અને ભક્તિપૂર્વક સેવા કરનાર તેમના શિષ્ય કપિલ એ જ ગુરુગૌતમ સ્વામીનો પૂર્વ-ભવ. ગુરુ-શિષ્ય વચ્ચેનો એ સમ્બન્ધ એટલે એક જ કાયાની બે છાયા.

ભગવાન મહાવીરનો અઢારમો ભવ એટલે ત્રિપુષ્ઠ વાસુદેવ તેના સારથી એટલે ગુરુ ગૌતમ સ્વામી. એ ભવમાં પણ તેઓ વચ્ચે સ્નેહનો દોર અતૂટ હતો. શ્રી ભગવતીસાર સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા ભવમાં ભગવાને પોતે જ ગૌતમ સ્વામીને તેઓ વચ્ચેના લાંબા સંબંધ વિષે વાત કરી હતી. તેમણે કહ્યું :

"હે ગૌતમ ! તું મારી સાથે ઘણાં કાળથી સ્નેહથી બંધાયેલો છું : હે ગૌતમ ! તેં ઘણાં લાંબા કાળથી મારી પ્રશંસા કરી છે.... મને અનુસર્યો છે;"

આ રીતે જન્મ જન્માન્તરથી ભગવાન મહાવીર અને ગૌત્તમસ્વામી અભિન્ન બની ગયાં હતાં

દીક્ષા ગ્રહણ કર્યા પછી ગૌતમસ્વામી આત્મ-સાધના, આત્મસાક્ષાત્કાર અને આત્મશુદ્ધિ માટે તપ, ત્યાગ, વૈરાગ્ય, સંયમ અને ખુમારીપૂર્વક બંધન મુક્તિ માટે ઝંખી રહ્યાં. તે સાચા અર્થમાં મુમુક્ષુ બનીને; સદ્‌વિચાર, સદ્‌ભાવના અને સદ્‌-વર્તનનું સમતાપૂર્વક પાલન કરીને પુણ્યચારિત્ર બની આગળ રહેતા. સાધુજીવનને શોભે તેવા વૈરાગ્યપૂર્વક ભગવાન મહાવીરની ભક્તિ કરતા રહ્યા.

ગૌતમસ્વામી પોતે પણ આત્મશ્રદ્ધા તથા તથા રેઈન બો (મેઘધનુષ)ના સુમેળભર્યા રંગોની જેમ યોગસાધના કરવા લાગ્યા. ખરેખર! સાચા યોગીનું ધ્યાન આત્માની પુર્ણ શુદ્ધિ અને મોક્ષની પ્રાપ્તિ તરફ જ એકાગ્ર થયેલું હોય છે. જે રીતે એક સ્ફટિકમય રત્ન અંદરથી પણ પ્રકાશ પાથરે તેવું નિર્મળ અને ભદ્રિક અંતઃકરણ, વિવેકશીલતાની મૂર્તિ, અમૃતસમી મધુરવાણી અને સાધુતાની ફોરમમો સુમેળ ભાગ્યેજ કોઈ યુગપુરુષમાં જોવા મળે. આવા ગુણિયલ ગૌતમ-સ્વામીની નામના ચોમેર ફેલાણી. તેમને અનેક સિદ્ધિઓ તથા લબ્ધિઓ પ્રાપ્ત થઇ. જેમ કે તેમના હાથના સ્પર્શ માત્રથી દુઃખ-દર્દ, દીનતા દૂર થઈ જતાં. ગમે તે ઈન્દ્રિય પાસેથી ગમે તે ઈન્દ્રિયનું કામ લઈ શકતા. સહેલાયથી આકાશનું ગમન કરતા, સૂર્યના કિરણોને આધારે પહાડ ઓળગતા, તેમના અંગૂઠામાંથી અમૃત વરસતું. સ્પર્શમાત્રથી પણ તે વસ્તુ અખૂટ બની જતી. છતાં ગૌતમસ્વામી ચમત્કારોથી સોહામણી અને લોભામણી દુનિયાથી પર હતા. તેમની આસપાસ ધર્મભાવનાનું અખંડ કવચ રચાઇ જતું જેની ભીતરમાં માત્ર આત્મદર્શનની મહેચ્છા હતી.

ભગવાન મહાવીરસ્વામી કરતાં ગૌતમસ્વામી ઉંમરમાં મોટા હતાં છતાં તેઓ તેમની કાયાની છાયા બની ગયા. પોતાના પાંડિત્યનો ઉપયોગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવાન બદલે ભગવાનને નમ્રતાપૂર્વક પુછતા, દા. ત. સન્તોની સેવાનું ફળ શું છે? સુવ્રત અને દુર્વ્રત વચ્ચે શો ભેદ છે? જીવને કર્મરજ શાથી ચોંટે છે? વગેરે. ભગવાન માટે તેમના રોમે-રોમમાંથી લાગણી પ્રગટતી, તેનું અંતર જાણે કહેતું હતું.

"પ્રવાસી કોઈ જંગલમાં સલામત આશરો શોધે. ગરમ રણમાં તરુવરનો મુસાફર છાંયડો ગોતે. તમોને એમ ચાહું છું, પ્રભુ ક્યારે કૃપા કરશો? યુગોથી હું પુકારું છું, પ્રભુ! ક્યારે કૃપા કરશો?"

ભગવાન પાસે નાના બાળક બની ગૌતમ-સ્વામી ધન્ય બની જતા.

"ભક્તિ વાવો તો ભાવના મળે અને ભગવાન ભાવનાને વશ થશે"

ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી વચ્ચે આવી વિશાળ ભાવના હતી.

જેમ ઊંચે આકાશમાં વિરાજતા ચંદ્ર માટે સૌ કોઈને એમ જ લાગે કે એ માત્ર મારા પર અમી વરસાવે છે તેમ ગુરુ ગૌતમ માટે પણ સૌના હૃદયમાં એવો જ ભાવ હતો. તેમના સાથે રહેનાર પર તે અસીમ કૃપા અને વત્સલતાનો અભિષેક કરતા. સમતા, સત્ય અને સમન્વયનો સુમેળ સાધવાની ભગવાન મહાવીરની કલા ગૌતમસ્વામીમાં પણ સોળે કળાએ ખીલી નીકળી હતી.

પૂર્વભવોમાં ગૌતમસ્વામી જુદા જુદા કર્મોને આધીન થઈ ક્યાં ક્યાં અવતર્યા તે વિષે ભગવાન મહાવીર સ્વામીએ તેમને જણાવ્યું એક ભવે મંગળ શ્રેષ્ઠ હતા. અન્તિમ અનશન વખતે તૃષ્ણાને કારણે પતન થયું પછી ...સ્વરૂપે અવતરી પૂર્વજન્મના મિત્ર સ્કંદક પરિવ્રાજકને પીઠ પર બેસાડી ડૂબતો બચાવી લીધો, શુભધ્યાન ધરી તે જ્યોતિર્મોલી તરીકે દેવલોકમાં દેવ બન્યો. સમય પાકતા દેવના જીવે સ્વર્ગલોક તજીને મહાવિદેહ ક્ષેત્રમાં વેગવાન યુવરાજ તરીકે અવતાર ધારણ કર્યો. અન્તે આ વેગવાનનો જીવ ગોબર ગામમાં વસુભૂતિના પુત્ર તરીકે ઇન્દ્રભૂતિ ગૌતમરૂપે અવતર્યો.

ભગવાનના શાસનનો વિસ્તાર વધતો જોઈને ગૌતમસ્વામી પ્રસન્ન બની જતા. પ્રભુના શાસનનો મહિમા તેમને જીવ જેટલો વહાલો હતો. તેમના સાથીદારો સાલ, મહાસાલ, પિઠર, યશોમતી અને ગાગલી ત્યાગીઓને કેવળજ્ઞાન પ્રગટ્યું. ગૌતમસ્વામી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અને મનઃપર્યવજ્ઞાન ધરાવતા હતા. પણ તેઓને મોક્ષ મેળવવાની ઉત્કટ ઝંખના હતી. તે વિચારતા હતા. મારા પ્રતિબોધ પમાડેલાં તરી ગયાં અને હું હજી એવોને એવો જ રહ્યો! શું મને મને કેવળજ્ઞાન અને મોક્ષ નહિ મળે?" પૂ. નયવિજયજી વિરચિત શ્રી સંભવનાથ સ્તવનમાં કહ્યું છે તેમ- "જે જેહને અભિલાષે રે, તે તો તેહથી નાસે." આવી સ્થિતિ ગૌતમસ્વામીની હતી.

એક વખત ભગવાન મહાવીરે તેમની ધર્મ-દેશનામાં કહ્યું કે જે સાધક પોતાની લબ્ધિના બળે અષ્ટાપદ પર જઈ. ત્યાં રહેલાં જિનબિમ્બોને વંદન કરી એક રાત્રિ ત્યાં રહે તો મોક્ષનો અધિકારી બને અને તે જ ભવમાં મોક્ષ મળે.

ગૌતમસ્વામીને તો મોક્ષ મેળવવાનો ઉપાય મળી ગયો. ભગવાનની અનુમતિ માગી અષ્ટાપદજીની યાત્રાએ નીકળ્યા. તેઓ તો અનેક લબ્ધિઓના સ્વામી હતા. આકાશગમન કરવાની લબ્ધિ (ચરણલબ્ધિ)થી વાયુવેગે તે ક્ષણોમાં જ અષ્ટાપદજીની તળેટીમાં પહોંચી ગયા; એ વખતે કોડિન્ન, દિન્ન અને સેવાલ નામના ત્રણ તાપસો પોતાના શિષ્ય પરિવાર સાથે અષ્ટાપદગિરિ ચડવાનો પ્રયત્ન કરતા હતા. કેટલાક કંદમૂળ ખાતા તો કેટલાક છઠ્ઠના પારણે છઠ્ઠ અને અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરતા હતા. પણ તેઓ ઉપર જવા



For Private And Personal Use Only

અસમર્થ હતા. તેઓએ ગૌતમસ્વામીને ત્યાં આવતા જોયા. સૂર્ય જેવા તેજસ્વી અને ભરાવદાર સુકમાળ શરીર. તેઓને શંકા થઈ કે આ શ્રમણ કેવી રીતે અષ્ટાપદગિરિ ચડી શકશે ? પણ ગૌતમસ્વામી તો જંઘાચરણ લબ્ધિના બળે સૂર્ય કિરણોનો આધાર લઈ ને જોતજોતામાં તો અષ્ટાપદ ચડી ગયા. તાપસો વિસ્મયમાં પડી ગયાં. જ્યારે ગૌતમસ્વામી પાછા આવ્યા ત્યારે તેઓએ પૂછ્યુ : હે મહાતપસ્વી, હે મહાયોગી, આપ અમારા ગુરુ બનો. ગૌતમસ્વામીએ કહ્યુ : લોકગુરુ સર્વજ્ઞ ભગવાન મહાવીરનેજ તમારા ગુરુ માનો. ગૌતમસ્વામી મહાન હતા છતાં કેવી નિરભિમાનતા ! બધા તાપસો ત્યાં જ દિક્ષિત થયા. તેઓને પારણા કરાવવા માટે લબ્ધિથી પોતાનું પાત્ર ખીરથી ભરી દીધું અને તે અક્ષયપાત્ર બની ગયું. સૌને એ ખીરમાંથી પારણું કરાવ્યું ત્યારે સૌ મનથી વંદી રહ્યા. ૫૦૧ તાપસોને કેવળજ્ઞાન થયું.

ફરીથી ગૌતમસ્વામીની મોક્ષની આશાની ફુલવેલપર નિરાશાનું ફુલ ખીલ્યું હોય તેવી લાગણી થઇ. તેમના મનની વાતને ભગવાન મહાવીર પામી ગયા. તેમણે કહ્યું કે તમારી મારા તરફની સ્નેહભાવના તમારા કર્મોના નાશની આડે આવે છે. મોક્ષની આશાથી ભરેલી આ નાની સરખી ગાંઠ છૂટી જશે તો તત્કાળ તને કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ થશે. માટે પળ માત્ર પણ પ્રમાદ ન કરીશ. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં આ ઉપદેશ નીચે પ્રમાણે છે :

"कुसग्गे जहे ओसबिंदुय थोयं चिट्ठइ
लंबमाणम् ।
एवं मणुयाण जीवियं समयं गोयम !
मा पमायए ॥ २ ॥

"દર્ભના અગ્રભાગ ઉપર પડેલું ઝાકળ બિન્દુ જેમ થોડી જ વાર રહી શકે છે તેમ મનુષ્યોના જીવનનું પણ સમજવું. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર."

ભગવાન મહાવીરે વિચાર્યું કે મારા તરફનો અનુરાગ ગૌતમના કેવળજ્ઞાનને રોકી રહ્યાં છે. બંધિયાર પાણી વહેતું કરવા બંધના એકાદ ભાગને તોડી પાડવો જોઇએ જ્યાં સુધી ગૌતમને મારા તરફથી કોઈ આઘાત નહીં પડે ત્યાં સુધી તેનો માર્ગ ખુલ્લો નહિ બને. આથી તેમણે ગૌતમસ્વામીને દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા થોડા દૂરના ગામે મોકલ્યા. ગૌતમસ્વામી ભગવાનની આજ્ઞા પાળવામાં આનંદ અનુભવતા. તે ગયા અને કાર્ય પૂર્ણ કરી ભગવાનના ચરણોમાં પહોંચી જવા ઉત્સુકતાથી નીકળ્યા.

કાળની ઘડીમાંથી જેમ જેમ સમયની રેતી સરતી જતી હતી તેમ તેમ ભગવાનની મહા-નિર્વાણની ઘડી નજીક આવતી હતી. પાવાપુરીમાં ભગવાને કાળના એંધાણ પારખી લીધા તેથી બે દિવસના ઉપવાસ સાથે અખંડ દેશના આપવાની શરૂઆત કરી. આસો વદિ અમાસ મધરાતની ક્ષણે ભગવાન મહાવીર આયુષ્યનો બંધ પૂર્ણ કરી મહાનિર્વાણ પામી સિધ્ધ, બુધ્ધ, નિરંજન નિરાકાર બની ગયા પાવાપુરીમાં એ અમાસની રાત દિવ્ય, દેદીપ્યમાન અને મહા-નિર્વાણનું મહાપર્વ બની ગઇ.

દેવશર્માને પ્રતિબોધીને પાછા ઉત્સુકતાથી ચાલી આવતા ગૌતમસ્વામીના મનમાં એક જ ઝંખના હતી-ક્યારે પ્રભુના સાંનિધ્યમાં પાવન દર્શન પામું ? પણ કોણ જાણે ટૂંકી વાટ લાંબી બનતી હતી.

અને ભગવાન મહાવીરના મહાનિર્વાણ પામ્ય-ના સમાચારથી ગૌતમસ્વામીના ફુલ જેવા હૃદય પર વજ્રપાત થયો. તેમનું રોમેરોમ બેચેન બન્યું: ચિત્તમાં સૂનકાર વ્યાપી ગયો; વહાણોના કૂવા સ્તંભ જાણે નંદવાઈ ગયા. એમના હૃદયના વેદનાભર્યા પોકાર અને વ્યથાને વાચા આપતા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોટાદના જાણીતા ગીતરચયિતા શ્રી પ્રવીણભાઈ દેશાઇ કહે છે :

"'ગોયમ્' કહી હવે કોણ પુકારે ?
મનના સંશય કોણ નિસારે ?
કોણ જુએ મારું દિલડું રૂવે,
મારી ક્યાં ગઈ રે છત્રછાયા ?
હો મને શાને મૂકીને ચાલ્યા ?'

પરંતુ ભગ્ન હૃદયને આશ્વાસન આપનાર કે આંસુ લૂછનાર ત્યાં કોણ હતું ? સમગ્ર પ્રકૃતિ, પૃથ્વી, પાણી, પવન, પશુ તથા પંખી ઉદાસ બની મૂંગુ રૂદન કરતા હતા. ગૌતમસ્વામીનું અંતર પૂછી રહ્યું હતું. "આપે મને દગો દીધો ?" પણ પછીથી તેઓ જરા સ્વસ્થ થયા. વિચાર પ્રવાહની દિશા બદલાઈ તેને પ્રભુ-પ્રભુએ જે કંઇ કર્યું તેમાં કેવળ મારું કલ્યાણ જ હોય તે બોલી ઊઠયા-"માફ કરો, મારા દોષ હરો,

ઉપાલભ જૂઠા મેં સુણાવ્યા."

અને આ પશ્ચાત્તાપ અને આત્મનિરીક્ષણના તાપમાં ગૌતમસ્વામીના મોહ-માયા-મમતાના મોહનીય કર્મો તૂટી ગયા. પ. પૂ. મુનિરાજ શ્રી અરૂણવિજયજી તમની વ્યાખ્યાનમાળા "કર્મ તણી ગતિ ન્યારી" પુસ્તકમાં લખે છે-(પાનું-૪૮૯)

"मस्तकसुचिविनाशात्तालस्य यथा ध्रुवो
भवति नाशः ।
तद्वत्कर्म विनाशो हि मोहनीय क्षये नित्यम् ॥

અર્થાત્ તાડવૃક્ષની ટોચ પર જે સૂચિ અથવા શાખાભાર ઊગે છે તેનો નાશ થવાથી સંપૂર્ણ તાડવૃક્ષ નાશ પામે છે. તે પ્રમાણે મોહનીય કર્મના નાશથી બીજા કર્મોનો નાશ અવશ્ય થાય છે

આ રીતે આસો વદિ અમાસની રાત્રે છેલ્લા પહોરે ગૌતમસ્વામીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ. આત્મા પૂર્ણ રીતે નિર્મળ બન્યો. કેવળજ્ઞાનની દિવ્ય પ્રભા તેમના મુખ પર છવાઇ ગઇ. ભગવાન મહાવીરના મહાનિર્વાણ સાથે આ પ્રસંગ એકરૂપ થઈ ગયો.

કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી ૧૨ વર્ષ સુધી અનેક લબ્ધિઓની સહાયથી ભગવાનના શાસનની પ્રભાવના કરતા ગૌતમસ્વામી રાજગૃહનગરના વૈભારગિરિ પધાર્યા. જેમ કાળ પાકે ને ફળ, ફુલ, પાન ખરે, નદી-નાળા સુકાઇ જાય તેમ કાળના ઘસારા સાથે દેહ અને આત્મા પણ વિલીન થાય. ૯૨ વર્ષની વયે કાયાની માયા પર વિજય મેળવી, એક માસના અનશન પછી ગૌતમસ્વામી મહાનિર્વાણ પામ્યા. તેમની આત્મજ્યોત અનંતા આત્માઓની જ્યોતમાં ભળી ગઈ. અક્ષયસુખના સ્વામી બની સિદ્ધ બન્યા. ભગવાન મહાવીરના આ મહાન લબ્ધિવિધાન, સદાસ્મરણીય ગૌતમસ્વામીને કોટી કોટી વંદના.

જય જિનેન્દ્ર

---

## બધાને ખમાવું પણ એકને નહિ!

એક એંશી વર્ષનાં માજી મરણપથારીએ હતાં. જીવનનાં આખરી શ્વાસ લેતાં હતાં. કોઇએ એમનું કહ્યું કે માજી, હવે બધાને ખમાવો. ત્યારે માજીએ કહ્યું, કે હું બધાને ખમાવું છું પણ વચેટ દીકરાને ખમાવતી નથી, કારણકે એ નખોદિયાનું મારે મોં જોવું નથી. આમ એંશી વર્ષે પણ, અને જિંદગીના આખરી શ્વાસેય માનવીના મનમાંથી ખોદિયો નખોદિયો જતા નથી છેલ્લે જ્યારે નવકાર સંભળાવતા હોય ત્યારે પણ માણસ જીવનનાં વેરઝેર અને બદલાની ગાંઠ વધુ ને વધુ મજબુત બાંધતો હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૯. તપ : ઉર્ધ્વજીવનની પગદંડી

મૂળ પ્રવચનકાર : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ સા.
ગુજરાતી રૂપાન્તર : ડૉ. કુમારપાળ દેસાઇ

**આજે** માનવસભ્યતાએ ભૌતિકતા તરફ આંધળીદોટ લગાવી છે. ભૌતિક જીવનની ઝાકઝમાળમાં માનવી એના અંતરાત્માને ભૂલી ગયો છે અને એની આધ્યાત્મિક દૃષ્ટિ અસ્પષ્ટ અને વિસ્મૃત બનવા લાગી છે. અતિપ્રવૃત્તિને અંતે થાકીને લોથપોથ થયેલા માનવી શાંતિની તલાશમાં રણના મૃગની માફક દોટ લગાવે છે અને એ જ ભૌતિક વસ્તુઓનો ઉપભોગ કરીને શાંતિ પામવાની ઇચ્છા રાખે છે. બીજી બાજુ કેટલાક તપ-જપ, સામાયિક જેવી ધર્મક્રિયાઓ કરીને એના બદલામાં શાંતિનો સોદો કરવા નીકળે છે. પ્રથમ માર્ગમાં તો ઉપભોગની વધુ લાલસા એની વિષયોની ગુલામી વધુ મજબૂત બનાવે છે. એમાં શાંતિ ક્યાંથી હોય ? બીજા માર્ગમાં એને શાંતિ મળી શકે, પરંતુ એને તપ-જપ આદિનો સાચો ઉદ્દેશ અને સ્વરૂપ સમજવું જોઈએ, તપ જપ કરવાની પાછળ ભૌતિક સ્વાર્થનો સાધના સાંસારિક ફળની પ્રાપ્તિની કામના કે યશ-કીર્તિ અથવા પ્રતિષ્ઠા હાંસલ કરવાનો ઉદ્દેશ હોય તો એનાથી કશું પ્રાપ્ત થતું નથી. એના દ્વારા પોતાનો અહમ્, લોભ કે ક્રોધ વધારે તો તે કશા કામના નથી. આજનો માનવી અર્થ અને કામની પાછળ તેમજ ભૌતિક સુખોને માટે સતત દોડી રહ્યો છે. આથી ધાર્મિક ક્રિયાઓમાં પણ એ ભૌતિકતા અને અર્થકામને જ શોધતો રહે છે. મોટા મોટા ઉચ્ચ સાધકો પણ તપશ્ચર્યા જેવી પવિત્ર ધાર્મિક ક્રિયાની સાથે ભૌતિકતા કે અર્થલાભની વાતને જોડીને તપશ્ચર્યાનો સાચો મર્મ ચૂકી ગયા છે. ત્યારે ગૃહસ્થની તો વાત જ શી કરવી ?

ગૃહસ્થો તપશ્ચર્યાને બાહ્યાડંબર, ચમત્કાર, અર્થપ્રાપ્તિ, સાંસારિક કામનાની તૃપ્તિ અથવા તો યશ કે એષણા મેળવવાના સાધન તરીકે માને છે. આવી કામનાઓની કેદમાં તપશ્ચર્યા હોવાથી એનો યથેષ્ટ પ્રભાવ કે એની તેજસ્વિતા પ્રગટ થતી નથી. તપનું સાચું ફળ સાંપડતું નથી કે જીવનની શુદ્ધિ થતી નથી. વળી આવું તપ વ્યક્તિગત કે સામાજિક જીવનમાં પ્રવેશેલા દુષ્કર્મો કે દૂષણોને દૂર કરી શકતું નથી, યોગ્ય ઉદ્દેશથી કરવામાં આવેલી શુદ્ધ તપસ્યા જ જીવનની શુદ્ધિ વૃદ્ધિ કરી શકે છે તેમજ યથેષ્ટ, પ્રભાવશાળી અને ફલદાયી બની શકે છે.

## તપનો ઉદ્દેશ

ભગવાન મહાવીરે 'દશવૈકાલિક સૂત્ર'માં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે,

'नो इहलोगट्ठयाए तवमिहिट्ठिज्जा, नो परलोगट्ठयाए तवमिहिट्ठिज्जा, ना कितीपसद्दसिलोगट्ठयाए तवमिहिट्ठिज्जा; नन्नत्थ निज्जरट्ठयाए तवमिहिट्ठिज्जा :'

'કોઈ પણ સાધક આ લોકના સુખને માટે એટલે કે ધન યશ, આડંબર, સ્વાર્થ. વિષયસુખ, પુત્રૈષણા, લબ્ધિ જેવી દુન્યવી વસ્તુઓ માટે તપ કરવું નહિ, પરલોક માટે પણ તપ કરવું નહિ. પરલોકમાં સ્વર્ગાદિ સુખ, વૈભવ, દેવાંગના વગેરેની પ્રાપ્તિ થશે એમ માનીને તપ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવું નહિ. કીર્તિ વધારવા માટે, વાહવાહ બોલાવવા માટે કે પ્રશસ્તિ કે પ્રશંસા માટે તપ કરવું નહિ. માત્ર નિર્જરા (કર્મમળને દૂર કરવા માટે અને સ્પષ્ટ શબ્દમાં કહું તો પોતાની અને સમાજની આત્મશુદ્ધિ) માટે જ તપ કરવું.'

એક જૈનાચાર્યએ પણ તપસ્યનો હેતુ આમ બતાવ્યો છે—

'निर्दोष, निर्निदानाढ्यं, तन्निर्जरा-
प्रयोजनम् ।
चित्तोत्साहेन सद्‌बुद्धिया तपनीयं तपः
शुभम् ॥'

'નિર્દોષ, નિદાનરહિત માત્ર નિર્જરાના જ પ્રયોજનથી ચિત્તના ઉત્સાહથી, સદ્‌બુદ્ધિ તથા વિવેકપૂર્વક શુભ તપસ્યા કરવી જોઇએ.'

તપસ્યાનો હેતુ સમજ્યા વગર વિવેકબુદ્ધિ વાપર્યા વિના જેઓ તપ કરે છે તેઓના તપને ભગવદ્‌ગીતાએ તામસ કે રાજસ તપ કહ્યું છે ભગવદ્‌ગીતા સ્પષ્ટપણે કહે છે—

'मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥
सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥'

'જે તપ મૂઢતાથી અને હઠાગ્રહથી માત્ર પોતાની જાતને પીડા આપવા માટે કે બીજાને પરેશાન કરવા માટે કરવામાં આવે છે એ તામસ કહેવાય છે. જે સત્કાર, સન્માન અને પૂજાપ્રતિષ્ઠા માટે દંભપૂર્વક કરવામાં આવે એ રાજસ તપ છે. આવું તપ ચંચળ અને અસ્થાયી છે.'

યોગ્ય ઉદ્દેશયુક્ત સાત્ત્વિક તપની પરિભાષા આવી છે—

'श्रद्धया परया तप्तं तपस्तत् त्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥'

'કોઈ પણ પ્રકારના ફળની આકાંક્ષા રાખ્યા વિના પરમ શ્રદ્ધાથી જે માનસિક, વાચિક અને કાયિક એવું ત્રિવિધ તપ કરવામાં આવે છે તે સાત્ત્વિક કહેવાય છે. આવા પ્રકારનું સાત્ત્વિક તપ જ આત્મશુદ્ધિનું કારણ બને છે.

## તપની મર્યાદા

તપનો ઉદ્દેશ સ્પષ્ટ થયા પછી સ્વાભાવિકપણે જ એવો જ પ્રશ્ન થાય છે કે તપની સીમા શું છે? તપ કેટલું કરવું જોઇએ? જૈનધર્મની દૃષ્ટિએ વિચારીએ તો આ વિષયમાં કોઇ નિશ્ચિત નિર્ણય આપી શકાય નહિ. કારણ કે પ્રત્યેક સાધકની ભૂમિકા જુદી જુદી હોય છે. કોઈ એક ભૂમિકાને આરંભે હોય તો કોઇ બીજી ભૂમિકાના અંત પર હોય. સમાન ભૂમિકા ન હોવાથી કોઈ એક સીમારેખા આંકી શકાય નહિ.

હા, કેટલાંક તીર્થંકરોના યુગમાં તપની અને ખાસ કરીને અનશન તપની સીમા આંકવામાં આવી હતી. એનું અતિક્રમણ નહિ કરવાની શાસ્ત્રોએ સલાહ આપી હતી. એ સમયે એવો નિયમ હતો કે જે તીર્થંકરોએ પોતાના જીવનકાળમાં જેટલું તપ (સતત જેટલા ઉપવાસ) કર્યા હોય એમના શાસનમાં સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા એ સીમા સુધી જ તપ કરી શકે. ભગવાન મહાવીરે પોતાના જીવનકાળમાં સૌથી વધુ સતત છ મહિના સુધીનું તપ (ઉપવાસ) કર્યું એથી ભગવાન મહાવીરના શાસનમાં એક સાથે છ મહિનાથી વધુ તપ કરવાનું વિધાન નથી. આવી જ રીતે ભગવાન ઋષભદેવે વધુમાં વધુ એક વર્ષ સુધી સતત તપ કર્યું તથા એમના શાસનમાં વધુમાં વધુ એક વર્ષ સુધી જ તપ કરવાની આજ્ઞા હતી અને એને પરિણામે ભગવાન ઋષભદેવનું 'વર્ષીતપ' જાણીતું છે. હાલમાં જે વર્ષીતપ થાય છે એમાં એક દિવસના પારણા પછી એક દિવસ ઉપવાસ કરવામાં આવે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, પણ સતત બાર મહિના સુધી ઉપવાસ કરવામાં આવતા નથી કારણ કે વર્તમાનકાળમાં શરીરનું ગઠન જ એવું હોય છે.

તપની મર્યાદાનો વિચાર કરીએ ત્યારે આપણી સામે એક બીજો પણ પ્રશ્ન આવે છે કે આપણે પોતાની જાતને બાહ્યતપમાં કેટલે દૂર સુધી લઈ જઈશું. અર્થાત્ આપણે કેટલું બાહ્યતપ કરવું જોઈએ? ક્યારે અને કેવી પરિસ્થિતિમાં એને છોડી દેવું જોઈએ? ઉપાધ્યાય યશોવિજયજીએ 'જ્ઞાનસાર' નામના ગ્રંથમાં સ્પષ્ટ કહ્યું છે—

'तदेव हि तपः कार्यं दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥'

'હે સાધક! તારે એટલું તપ કરવું જોઈએ કે જ્યાં સુધી મનમાં દુર્ધ્યાન આવે નહિ. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી મન ક્લેશ પામે નહિ. મનમા રાગદ્વેષ અને કષાયોનો દુર્ભાવ જાગે નહિ અને મન કુસંકલ્પોથી ઘેરાઈ ન જાય. વળી સાથેસાથ તારો મન, વચન અને શરીરનો યોગ હીન બને નહિ મન દીન-હીન બને નહિ. વચન ક્ષીણ બને નહિ.શરીર શિથિલ અને અતિ દુર્બળ થઇને બીજાને ભારરૂપ બને નહિ. શરીર લથડીને સાવ ઢગુમગુ થઇ જાય નહિ. આ ઉપરાંત તારી ઇન્દ્રિય ક્ષીણ થાય નહિ એટલે કે ઇન્દ્રિયોની કાર્યશીલતા તદ્દન અશકત બની જાય નહિ.'

મારી દૃષ્ટિએ તો આ શ્લોકમાં તપની મર્યાદાનું માર્મિક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આમાં જૈનધર્મનો યથાર્થ દૃષ્ટિકોણ જોવા મળે છે. શરીર સાવ શિથિલ થઈ ગયું હોય, ઇન્દ્રિયો માગણી કરતી હોય, મન ભોજનના વિચારો કરતું હોય અથવા તો ક્લેશ પામીને અંદરોઅંદર રીબાતું હોય અને તેમ છતાં આ બધાનો અવાજ સાંભળવાને બદલે તમે જોરજુલમ અને જબરજસ્તી ચાલુ જ રાખો એમના પર બળાત્કારે અંકુશ રાખો એ શું તપ કહેવાય?

કેટલાક લોકો દેખાદેખીથી કે વાહવાહ લૂંટવા માટે અને ક્યારેક તો એને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવીને તપ કરતા હોય છે, આ તો શરીર, ઇન્દ્રિય અને મનને પ્રતિકૂળ એવો હઠયોગ જ કહેવાય. તપ વિશે જૈનધર્મનો આવો આદર્શ નથી.

હૃદય ખળભળી રહ્યું હોય, મન આર્તધ્યાનથી ઘેરાઈ ગયું હોય અને ચિત્ત સમતુલા ગુમાવીને ક્રોધ, દ્વેષ, ઘૃણા અને રોષ કરી રહ્યું હોય અને છતાં તમે કોઈ બહારના દબાણથી અથવા તો આટલું તપ તો કરી લઉં એમ માનીને તપ કરો તે તપ નથી, અમુક માણસે આટલું તપ કર્યું તો હું પણ કરી નાખું એનાથી પાછળ રહું તો મારો વટ જાય. આવી રીતે બીજાની સામે બાજી જીતવાની ઈચ્છા રાખવી એ તપનો સાચો માર્ગ નથી,

તમારું મન હર્ષ અને ઉલ્લાસથી અળગું થઈને આવેશ અને ઉશ્કેરાટના પ્રવાહમાં વહી રહ્યું છે. તપનો સાચો રસ કે એના આનંદનો અનુભવ તમારા મનને થતો નથી. જગતના પ્રાણી માત્ર પ્રત્યે વાત્સલ્યભાવ જાગવાને બદલે કે મૈત્રીભાવની આત્મીયતા ઉદ્ભવવાને બદલે ક્રોધ, દંભ જેવા રૌદ્રધ્યાનના ભાવોમાં મન દોરાઈ જાય તો માનવું કે તપની સીમા સમાપ્ત થઈ ગઇ છે. આમ છતાં મર્યાદાભંગ કરીને મનને તપમાં ખેંચી જવામાં આવે તો તે તપનો ઉચિત પથ નથી.

આનો અર્થ જ એ કે ત્યાં સુધી તપ કરવું જોઇએ કે જ્યાં સુધી શરીર સાથ આપે. મન સ્ફુર્તિ અને ઉલ્લાસની સાથે ચાલે. આપણી ઈન્દ્રિયો જાગી ન ઉઠે અને વાણી ક્ષીણ થઈ કંપવા માંડે નહિ.

## બંને 'અતિ'નો ત્યાગ

કેટલાક લોકો કહે છે કે દેહદમન, ઈન્દ્રિય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દમન અને મનનો નિગ્રહ એ જ તપનાં લક્ષણો છે, જો દમન અને નિગ્રહનો અર્થ શરીર ઇન્દ્રિયો અને મનને દબાવીને કચડી નાખવા એવો કરવમાં આવે તો તે સાવ ખોટો છે. પ્રાચીન કાળમાં ભારતના ઘણા સાધકો આવી ભ્રમણાનો ભોગ બન્યા. મહાભારતમાં શંખ અને લિખિત નામના બે ભાઈઓનું આવુ ઉદાહરણ મળે છે. એક ભાઈ તપસ્વી હતો અને પોતાના આશ્રમ બનાવીને રહેતો હતો એક વાર એનો ભાઇ ક્યાંક જતો હતો. રસ્તામાં એને ભૂખ લાગી. આશ્રમના ફળ તોડવાની એને ઇચ્છા થઇ. વળી એ સમયે આશ્રમમાં કોઈ નહોતું આથી કોઇને પૂછયા વિના ફળ તોડયા અને ખાઇ લીધા. સંજોગવસાત આશ્રમના કેટલાક તપસ્વીઓ એકાએક બહારથી આવી ગયા અને એમણે એને ફળ તોડતો જોઇ લીધો, બસ, પછી શુ ! એમણે એને અપરાધી ગણીને પ્રાયશ્ચિત કરવા પર ભાર મૂક્યો. અંતે રાજાની પાસે જઇને એણે પોતે કરેલી ચોરીના પ્રાયશ્ચિત રૂપે પોતના બંને હાથ કાપી નખાવ્યા. કારણ કે ચોરી એ બંને હાથે કરી હતી.

આવી જ રીતે બિલ્વમંગળની દૃષ્ટિ એક સુંદર સ્ત્રી પર પડી, એના પર મોહ પામીને અને એની સાથે કામવાસના સેવનનો વિચાર આવ્યો. એ સ્ત્રી સમક્ષ બિલ્વમંગળે પોતાના કુવિચાર પ્રગટ કર્યો ત્યારે પેલી સ્ત્રીએ એને બીજે દિવસે આવવા કહ્યું. પેલી સ્ત્રીએ પોતાના પતિ પાસેથી યુક્તિ પૂર્વક બિલ્વમંગળને સમજાવવાની અનુમતિ લઈ લીધી. બીજે દિવસે બિલ્વમંગળ આવ્યો ત્યારે પેલી સ્ત્રીએ પોતાના ઘરના આંગણામાં કીચડ અને છાણ રાખ્યું હતું તે પોતાના વસ્ત્રો અને શરીર પર લગાડયા. બિલ્વમંગળે આવું વિચિત્ર વર્તન કરવાનું કારણ પૂછયું તો એણે કહ્યું કે આ શરીર આજે પરપુરુષના સ્પર્શથી અપવિત્ર થવાનું છે તો આ કપડા અને શરીરના અંગો પર છાણ–કાદવ લાગવાથી થતી અપવિત્રતા કયા હિસાબમાં ! બસ, આ વાક્યથી બિલ્વમંગળને પ્રેરણા મળી ગઈ એ વિચારમાં ડૂબી ગયો. પોતાની આંખોએ પરસ્ત્રીનું રૂપ જોવાથી કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો નિર્ધાર કર્યો. પેલી સ્ત્રી પાસે લોખંડના ગરમાગરમ સળિયા મંગાવીને પોતાની આંખોમાં ચાંપી દીધા, કારણ કે આ આંખોએ પાપ કર્યું હતું માટે એને સજા મળવી જોઈએ. આ રીતે બિલ્વમંગળે આંખો ફોડી નાખી અને સૂરદાસ બની ગયો.

આ જ રીતે કેટલાક સાધકોએ પગથી ભૂલ કરી અને પોતાના પગ કાપીને સજા આપી. મુખથી કોઈ અપશબ્દ બોલાઈ જાય નહિ તે માટે એને તારથી સીવી દીધું.

શું આ તપ કરવાનો યોગ્ય ઉપાય છે ? શું શરીરના અંગોને કાપી નાખવાથી પાપની વૃત્તિ કે અશુદ્ધ વિચારનો નાશ થાય ખરો ? પાપ કે અપરાધનું મૂળ કારણ અથવા તો દુષ્ટ વિચારોની મૂળ વૃત્તિ તો આપણી અંદર હોય છે ત્યારે બહારના અંગોને તોડવા, ફોડવા કે કાપવાથી શું વળશે ? બહારથી કોઈ ચીજ અંદર આવતી નથી. પરંતુ અંદરથી જ બહાર જાય છે પવિત્રતા કે અપવિત્રતા, ભલાઇ કે બુરાઇ અંદરથી બહાર પ્રગટ થતી હોય છે. બહારથી અંદર જતી નથી. શરીરથી ખોટું કામ થઇ ગયું તો એ શરીરને જ હણી નાખવું એ તપનો ઉચિત દૃષ્ટિકોણ નથી.

ઉપરના ઉદાહરણોમાં શરીર અને શરીરના અંગો કે ઇન્દ્રિયોને કાપી નાખવાની કે નષ્ટ કરવાની વૃત્તિ જૈનધર્મની તપની મર્યાદાના દૃષ્ટિકોણથી તદ્દન વિરૂદ્ધ છે. જૈનધર્મ કહે છે કે તપ દ્વારા દેહ, મન, ઇન્દ્રિયો આદિની સાધના કરો. એને હણશો નહિ દમન કે નિગ્રહનો અર્થ મારવું; કાપી નાખવુ કે હણવું નથી. પરંતુ એને વશમાં લેવુ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારવું એને કહેવાય કે જ્યારે શરીરનું કોઈ અંગ ભૂલ કરે અને એ અંગ પર જ પ્રહાર કરવામાં આવે અથવા તો શરીર, ઈન્દ્રિય, મન આદિ પાસેથી એમની શક્તિની મર્યાદા કરતા પણ વધુ કામ લેવામાં આવે. જ્યારે સાધવું એને કહેવાય કે જ્યાં શરીર, ઇન્દ્રિય અને મન વિલાસી, પ્રમાદી, આરામપ્રિય, દુઃખથી ડરપોક કે બીકુ બની રહ્યા હોય ત્યારે એને પોતાના હાથમાં લેવા માટે જરૂરી તપ કરીને અનુશાસનમાં રાખવામાં આવે. આમ થાય તો જ શરીર, ઇન્દ્રિય અને મન કર્યક્ષમ બનીને જીવનની સમસ્યાઓનો યોગ્ય રીતે ઉકેલ શોધી શકે. કોઈ પણ પ્રકારની પરિસ્થિતિનો તેઓ મુકાબલો કરી શકે. સુખ હોય કે દુઃખ, ઠંડી હોય કે ગરમી, કોઈ પણ હાલતમાં પોતાને અનુકૂળ કરી શકે.

શરીર, ઈન્દ્રિયો અને મન સશક્ત અને બળવાન રહે એ એક વાત છે અને તે વિલાસ કે પ્રમાદમાં ડૂબેલા રહે તે બીજી બાબત છે. શરીર, ઇન્દ્રિયો અને મન બળવાન હોવાની સાથોસાથ એના પર અંકુશ જાગરૂકતા અને યોગ્ય, પ્રમાણમાં તપનો વિવેક હોય તો હું માનતો નથી કે કોઈ મોટું સંકટ આવી પડે.

જૈનધર્મ અતિવાદી પણ નથી અને એકાંતવાદી પણ નથી, બલ્કે સાપેક્ષદૃષ્ટિએ સમન્વયવાદી છે. આથી તપની પાછળ જૈનધર્મની એવી દૃષ્ટિ નથી કે એવું તપ કરીએ કે જેમાં શરીર હોય કે ન હોય. દેહ મરે કે જીવે અથવા તો એના પર અત્યાચાર થાય. ઈન્દ્રિયોને મારીને અને દમીને ખતમ કરી નાખવી અથવા તો શરીરને મૃત્યુને દશા સુધી પહોંચાડી દેવું એવું જૈનધર્મ કહેતો નથી. બીજી બાજુ એમ પણ કહેતો નથી કે કશું કરવું નહિ અને માત્ર એશઆરામ અને ભોગવિલાસમાં જીવન ગાળવું અથવા તો જે કોઈ વિલાસિતાના સાધન મળે તેનો અસંયમી બનીને નિર્મર્યાદ ઉપયોગ કરવો. આ બંને અતિવાદના પ્રકાર છે. સાચા તપને માટે આપણે આ બંને 'અતિ'ને બદલે વચ્ચેનો રસ્તો શોધવો પડશે.

એક બાજુ એવા માનવીઓ છે કે જેઓ ખાવા-પીવા અને પહેરવા-ઓઢવા માટે જ જીવે છે ભૌતિક સુવિધાઓ અને સંસારના ભોગ-સાધનોનો વધુમાં વધુ ઉપયોગ કરવો એ જ એમનું લક્ષ બની ગયા છે. સવારથી સાંજ સુધી જ નહિ પણ રાતના બાર-એક વાગે તેઓ પેટમાં કંઈને કંઈ નાખતા રહે છે. આખો દિવસ પશુની માફક કંઈક ને કંઈક ચરતા હોય છે. આવી વ્યક્તિ ભોગવિલાસ પ્રધાન જીવન જીવતી હોય છે. એમનો હેતુ માત્ર ભરપેટથીએ વધુ ભોજન કરવું, મળેલી વસ્તુઓનો નિરંકુશતાથી ઉપયોગ કરવો. આવા લોકો અતિવાદનો શિકાર બન્યા હોય છે. અહીં મને એક રસપ્રદ દૃષ્ટાંત યાદ આવે છે.

પંજાબના માલેરકોટલા શહેરના જૈન શ્રાવકો પડોશીઓના ધર્મની દેખાદેખીમાં શ્રાદ્ધ પ્રથાનું પાલન કરવા લાગ્યા. એક વાર અહીંના એક શ્રાવકે શ્રાદ્ધ કર્યું અને તેમણે બ્રાહ્મણને ભોજન માટે બોલાવ્યા, માન્યતા એવી હતી કે બ્રહ્મદેવતાના પેટમાં જે ભોજન જાય તે એના પિતૃઓને પહોંચે છે. શ્રાવકે બ્રાહ્મણ માટે સ્વાદિષ્ટ ખીર અને પુરીઓ બનાવી હતી. બ્રાહ્મણદેવતાએ ઠાંસી ઠાંસીને ભોજન કર્યું. યજમાન શ્રાવકે પોતાના પિતૃઓને વધુ ભોજન પહોંચાડવાની દૃષ્ટિથી બ્રાહ્મણને કહ્યું, "પંડિતજી હવે તમે જેટલી પુરીઓ ખાશો એ દર પુરી પર એક રૂપિયો દક્ષિણા આપીશ."

પંડિતજીએ તો પેટને ગોદામની માફક ભરવું શરૂ કર્યું આમેય ઠાંસી ઠાંસીને ભોજન લીધું હતું. તેમ છતાં રૂપિયાની દક્ષિણાને કારણે ખવાય તેટલું ખાધું. આખરે વિપ્રવર અટકયા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે પેલા શ્રાવકે કહ્યું, "હવે તમને એક પુરીના બે રૂપિયા દક્ષિણામાં આપીશ" પંડિતજી લોભના માર્યા વળી પુરીઓ ખાવા લાગ્યા. આમ આગળ જતાં એક પુરીના દસ રૂપિયા સુધી આપવાની વાત આવી.

પંડિતજીનું પેટ ઢોલ બની ગયું હતું. ખૂબ ઠાંસી ઠાંસીને ખાધું હોવા છતાં દસ રૂપિયાના લોભે વળી થોડી પુરીઓ ખાધી. હવે તો પંડિતજી માટે ઉઠવું મુશ્કેલ હતું. પંડિતજીનો પુત્ર આવ્યો અને એમની હાલત જોઇને એમને ખાટલા પર નાખીને ઘેર લઈ ગયો.

પંડિતજીની કફોડી સ્થિતિ જોઈને લોકોએ એમને સલાહ આપી, "ભાઈ તમને અજીર્ણ થઈ ગયું છે. થોડું ચૂર્ણ લઇ લો. આ સાંભળતાં જ ખાટ પર પડેલા પંડિતજીએ કહ્યુ, "જો મારા પેટમાં ચુર્ણ નાખવાની જગા હોત તો એક પૂરી વધુ ખાઇને યજમાન પાસેથી દસ રૂપિયા મેળવત નહિ? હું કંઇ એવો મૂર્ખ નથી કે પેટમાં જગા હોય તો દશ રૂપિયા જવા દઉં."

આવી બલિહારી છે ભોજનપ્રેમી બ્રાહ્મણોની આથી જ બ્રાહ્મણોના સાથે ભોજનભટ્ટ વિશેષણ લગાડવામાં આવે છે. કેટલાંક બ્રાહ્મણો તો એમ કહે છે પણ ખરા—

"वटका यत्र लभ्यन्ते न दूरं दशयोजनम् ।

मोदका यत्र लभ्यन्ते न दूरं शत-योजनम् ॥

"જો ક્યાંક વડા મળતા હોય તો એને માટે દસ યોજનનું અંતર પણ દૂર નથી. જ્યાં લાડુ મળતા હોય તો તેને માટે સો યોજન પણ દૂર નથી."

આવા અતિભોગી માણસો અનેક રોગોના શિકાર બને છે. તેઓ પદાર્થોનો યોગ્ય ઉપભોગ કરી શકતા નથી. કોઈ વસ્તુ કે પદાર્થને ભોગવવાને બદલે તેઓ પોતે જ તેનો ભોગ બની જાય છે. ભોજન જ એમને ખાઈ જાય છે. પછી તેઓ શું ભોજન ખાઇ શકે? અતિ ભોગ કરનાર સંસારના પદાર્થોનો મોટા પ્રમાણમાં દુરુપયોગ કરે છે, બગાડે છે અને બીજાને માટે અછત સર્જે છે. એક રીતે તેઓ વિષય-ભોગના ગુલામ બની જાય છે. સંસાર પાસેથી વધુ લઇને ઓછું આપતા હોવાથી વિનિમયચોર બની જાય છે. વળી સાથોસાથ અતિ ભોગી માનવી ધર્મ, ધન, બળ અને શરીર ચારેય ગુમાવતો હોય છે.

ઈન્દ્રિયોનો ઉપયોગ તો સાચા–ખોટાની સમજ માટે અને જીવનને સુરક્ષિત રાખવા માટે છે. ભોગી માનવી આ વાતને ભૂલી જઇને પોતાનું જીવન બરબાદ કરે છે. સ્પર્શેન્દ્રિયમાં ફસાઇ જઇ અતિભોગી અતિ સંભોગ કરીને પોતાના શરીરને નીચોવી નાખે છે. એનું શરીર અનેક રોગોનું ઘર બની જાય છે અને એનામાં ઈન્દ્રિયોની ગુલામી અને વ્યભિચાર વધી જાય છે. એનો ધર્મ, પ્રેમ, કુળ, ધન અને એનું આખુંય જગત લૂંટાતું રહે છે.

સ્વાદલોલુપ માનવી જીભના સ્વાદને વશ થઈને ભાન ભૂલીને ભોજન કરે છે અને ક્યારેક તો પોતાનો પ્રાણ પણ ખોઈ બેસે છે. આવો માનવી પોતે જ પોતાની કબર ખોદે છે. વાનગી કે ભોજન મફતમાં આવી મળ્યું હોય, પણ પેટ તો મફતમાં મળ્યું નથી એ વાતને ભૂલી જઇને એ અનેક રોગોને પોતાના શરીરમાં વસવા માટે આમંત્રણ આપે છે. રૂપલોલુપ માનવીઓ રૂપની ચમકદમકમાં પતંગિયાની માફક બળી મરે છે. ક્ષણભંગૂર સૌંદર્યને માટે જીવનભર પાપની કમાણી કરે છે. આવી જ રીતે ઘ્રાણેન્દ્રિય અને કર્ણેન્દ્રિયનો દુરુપયોગ કરીને આસક્તિવાન માનવી પોતાની જિંદગી તબાહ કરી નાખે છે. અતિભોગી માનવી પોતાના મનને સ્વચ્છંદપણે દુષ્ટ વિચારોના ગાઢ જંગલમાં ભટકવા દે છે. અને આવો માનવી પોતાના મનથી જ યોગ્ય વિચાર, સારા-ખોટાનો નિર્ણય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને હિત-અહિતનો વિવેક કરવાની શક્તિ ગુમાવી બેસે છે. આથી આવા અતિભોગવાદ પર તપ અને સંયમનું નિયંત્રણ રાખવું જરૂરી છે.

બીજી બાજુ અત્યંત શુષ્ક તપ દ્વારા પોતાના શરીર, મન અને ઇન્દ્રિયોનો નષ્ટ કરવા પાછળ કેટલાંક પ્રયત્નો કરતા હોય છે, વૈદિક પરિભાષામાં આને અતિયોગવાદી કહેવામાં આવે છે, આવા તપસ્વીઓ તેમજ ભગવાન પાર્શ્વનાથના જમાનાના આવા સાધકો ઘોર તપ કરવા છતાં જીવનમાં શાંતિ, આનંદ, પવિત્રતા કે સ્ફુર્તિની પ્રાપ્તિ કરી શક્યા નહોતા. શરીર અને ઇન્દ્રિયોને ઘોર યાતના આપવી તેવું જેમના તપનું લક્ષ છે તેઓ પણ અતિવાદી છે. 'ઉવવાઇસૂત્ર' માં આવા કેટલાંક અતિ તપ કરનારા લોકોનું વર્ણન આવે છે. કોઈ બધી બાજુ અગ્નિ સળગાવીને પોતાના શરીરને તપાવે છે. કોઇ કાંટાની પથારી પર સૂએ છે તો કોઇ કલાકો સુધી નદીના પાણીમાં ઊભા રહે છે. વળી કોઈ તો ઊંધા લટકીને પોતાના શરીરને કષ્ટ આપે છે અને આને તપ માને છે. આ પ્રકારના તપને બાલતપ (અજ્ઞાનયુક્ત તપ) કહેવામાં આવે છે આ પ્રકારના તપથી જીવનનો યથાર્થ દૃષ્ટિકોણ સાંપડતો નથી. બંને પ્રકારના અતિથી અળગા રહેવાની જરૂર છે. શુદ્ધ તપમાં બંનેનું સંતુલન હોય છે.

ભગવાન બુદ્ધે પહેલાં ઘણું બાહ્યતપ કર્યું. એમનું શરીર તપથી કૃશ બનીને કાંટા જેવું બની ગયું. એમનામાં ઊઠવા-બેસવાની શક્તિ પણ રહી નહીં. એમનું શરીર એટલું કમજોર થઈ ગયું હતું કે તેઓ જાતે ઊભા રહી શકતા નહોતા. ઊભા થતાં જ એમને મૂર્છા આવતી. આટલું અતિતપ કરવા છતાં એમને જ્ઞાનની પ્રાપ્તિ થઇ નહિ. થાય કઇ રીતે ?

એક વાર તેઓ ચિંતનમાં ડુબેલા હતા ત્યારે એક વારાંગના પોતના વાદકો સાથે પસાર થતી હતી. એ પોતાના સિતારવાદકને સમજાવતી હતી.

"જુઓ, આ સિતારના તાર અત્યંત ખેંચીને બાંધવા નહિ. કારણ કે ખૂબ ખેંચીને બાંધી રાખેલા તાર તૂટી જશે. એમાંથી મધૂર તો શું બલ્કે કઠોર સ્વર પણ નીકળશે નહિ. વળી આ તાર અત્યંત ઢીલા પણ હોવા જોઈએ નહિ કે જેથી એમાંથી ઇચ્છેલો સ્વર નીકળે નહિ. વાદ્યમાંથી સુંદર અને સૂરીલો સ્વર કાઢવા માટે બંને 'અતિ'નું નિવારણ કરવું જરૂરી છે"

ભગવાન બુદ્ધે વારાંગનાની વાદકને અપાયેલી આ સલાહ સાંભળી. એમના હૃદયના તાર રણઝણી ઊઠયા. પ્રેરણાનો મધુર અવાજ સંભળાયો કે બસ તને સાચો રાહ મળી ગયો છે અને તે છે 'મધ્યમ માર્ગ.' શરીરને તપથી એટલું બધું તપાવવું કે કસવું નહિ કે જેથી એ તૂટી પડે અને એટલું બધું શિથિલ કે ઢીલું રાખવું નહિ કે જેથી એ ભોગરત બનીને જ ગળાઇ જાય.

ભગવાન બુદ્ધને મળેલી એ પ્રેરણા તપની બાબતમાં તદ્દન સાચી છે આપણી જિંદગી એક વીણા સમી છે. એમાંથી મધુર અને સૂરીલો અવાજ કાઢવા માટે જીવન-વીણાના તારને અત્યંત જોરથી બાંધીએ નહિ કે ન તો એને સાવ ઢીલા રાખીએ. જીવન-વીણાના તારને તપની કસોટીએ કસવાના છે જરૂર, પરંતુ એ એક મર્યાદા સુધી જ આવી જ રીતે આ તારને થોડા શિથિલ રાખવાની જરૂર છે કે જેથી એ અનિવાર્ય આવશ્યકતાઓ પૂરી કરી શકે. શરીરને ટકાવવા માટે ઇન્દ્રિયોનો યોગ્ય ઉપયોગ કરવા માટે માનસિક તૃપ્તિ માટે, મનથી સુવિચાર કરવા માટે તેમજ સામાજિક, ધાર્મિક, અને રાષ્ટ્રીય ક્ષેત્રમાં પોતાના કર્તવ્ય અને જવાબદારીના પાલન માટે જીવન-વીણાના તાર થોડા ઢીલા રાખવા પડશે. આથી આ તારને ખૂબ કસીને બાંધવા નહિ કે ખૂબ ઢીલા રાખવા નહિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આનો અર્થ એ છે કે ત્યાગ અને ભોગ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ- આ બંને કિનારાની વચ્ચે આપણી તપસ્યા-નદી વહેવી જોઈએ. આમ થશે તો જ તપસ્યાની સાધના સફળ થશે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ કર્મયોગને માટે બરાબર આને મળતી જ વાત કહેવામાં આવી છે—

'युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥'

'જેનો આહારવિહાર યુક્ત (સંતુલિત) હોય, કર્મોમાં પણ જેની ચેષ્ટા યુક્ત હોય, જાગવાનું અને ઊંઘવાનું પણ યુક્ત (માત્રામાં) હોય એનો યોગ (કર્મ) દુઃખનાશક હોય છે.'

## ભગવાન મહાવીરની દીર્ઘતપસ્યાનું કારણ

તપની મર્યાદા જાણ્યા પછી એક એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે જૈનધર્મની પરંપરા પ્રમાણે પ્રત્યેક તીર્થંકરનું મોક્ષ પ્રતિ પ્રયાણ ચતુર્થ ગુણસ્થાનથી થાય છે. ભગવાન મલ્લિનાથ અને ભગવાન મહાવીર બંને તીર્થંકર હતા. આંતરિક દૃષ્ટિએ બંનેનો એક જ માર્ગ હતો. ભલે બહારથી એમાં થોડો ભેદ દેખાય ભગવાન મલ્લિનાથે દીક્ષા લીધા પછી એક પ્રહર બાદ જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે અને ભગવાન મહાવીરને સાડા બાર વર્ષનું ઘોર તપશ્ચર્યામય જીવન વીતાવ્યા પછી કેવળજ્ઞાન થાય છે બંનેની કેવળજ્ઞાન પ્રાપ્તિમાં અને તપસાધનામાં આવું અંતર કેમ? ભગવાન મલ્લિનાથને બહુ ઓછો સમય તપશ્ચર્યા કરવી પડી. જ્યારે ભગવાન મહાવીરને સાડા બાર વર્ષના સાધનાકાળમાં મોટો ભાગ તપશ્ચર્યામાં પસાર કરવો પડયો. આનું કારણ શું? કેવળજ્ઞાન પ્રાપ્તિનો પણ એ નિયમ છે કે તેરમા ગુણસ્થાન પર પહેચ્યા પછી જ એ થાય છે. અને એ રીતે બંનેને તેરમા ગુણસ્થાન પર પહોંચ્યા પછી જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

જૈનાચાર્યોએ આનું સમાધાન આપ્યું છે. એ વાત નિશ્ચિત છે કે ભગવાન મલ્લિનાથને બહુ તપસ્યા કરવી પડી નહિ. જ્યારે ભગવાન મહાવીરને દીર્ઘ તપસ્યા કરવી પડી. 'કલ્પસૂત્ર'માં ભગવાન મહાવીરના ૨૭ જન્મોના ઉત્થાન પતનની કહાની આલેખાઈ છે. એ વાંચવાથી આપણી નજર સમક્ષ ભગવાન મહાવીરના જીવનના સંસ્કારો, ક્રૂર અને ભયંકર કર્મો તેમજ સાધનાની ઝાંખી જોવા મળે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે ભગવાન મલ્લિનાથ કરતાં ભગવાન મહાવીરને ઘણાં કર્મ ભોગવવાના બાકી હતા અને જે કર્મ ભોગવવાના બાકી હતા તે ઘણા ભયંકર અને તીવ્રબંધવાળા હતા.

ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં એમણે અતિ ક્રુર કર્મવશ નિકાચિતરૂપ કર્મબંધ કર્યો હતો. અને બીજા પણ ઘણા જન્મોના બાંધેલા કર્મ હતા. આ કારણે જ ભગવાન મહાવીરને પોતાના આત્મા પર લાગેલા કર્મોનો નાશ કરવા માટે આટલી બધી દીર્ઘ તપશ્ચર્યા કરવી પડી. જ્યારે તીર્થંકર મલ્લિનાથના અગાઉના જન્મોના કર્મોની માત્રા એટલી બધી નહોતી અને એને કારણે એમનો આત્મા અધિક તૈયાર હતો. આથી તેઓ જલદી પ્રગતિ કરી શક્યા અને ભગવાન મહાવીરનો આત્મા એટલો તૈયાર ન હોવાને લીધે દીર્ઘ તપશ્ચર્યાનો લાંબો માર્ગ અપનાવવો પડયો. પોતાના ગત જન્મોની ભૂલોના પ્રાયશ્ચિત અને શુદ્ધિને માટે એમણે સાડા બાર વર્ષ સુધી કઠોર તપસાધના કરી. દીર્ઘ તપશ્ચર્યાના શસ્ત્રથી એમને આત્માની મલિનતા, અપવિત્રતા, દોષો, વિકારો અને કુસંસ્કારો સામે અવિરત યુદ્ધ ખેડયું અને અંતે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આનાથી એમ સમજવું જોઈએ નહિ કે એમણે દીર્ઘ તપ કરીને દેહ પર જોરજુલમ કર્યો. અથવા તો નિરંતર તપશ્ચર્યાથી શરીર અને ઈન્દ્રિયોને જીર્ણશીર્ણ કરવા પ્રયાસ કર્યો. બલ્કે એમના જીવનચરિત્ર પરથી ખ્યાલ આવે છે કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## (૧) અમ લોચન પ્રભુમુખ દેખી હરખ્યા !

વિ.સં. ૨૦૪૪ના જેઠ સુદ દસમને શનિવારના મંગલ દિવસે ભાવનગરની ભાવેણી ધરતી પર સોનાનો સૂરજ ઊગ્યો ધર્મપુંજ સમા કૃષ્ણનગરમાં ધર્મનું અનોખું પ્રભાત ખીલ્યું.... અને પૂ. સાધુ-સાધ્વીજી મહારાજો તથા શ્રાવક અને શ્રાવિકાનો આ ચતુર્વિધ સંઘ હેલે ચડયો.

"અમ લોચન પ્રભુ મુખ જોવા અધીર,
ચાલોને સખી પ્રતિષ્ઠા જોવા જઈએ."

પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયચન્દ્રોદયસૂરીશ્વરજી મ. સાહેબની નિશ્રામાં પુ. મુનિશ્રી સ્થૂલિભદ્રવિજયજી મ. સાહેબ તથા મુનિશ્રી ચન્દ્રકીર્તિ વિજયજી મહારાજ સાહેબ તથા અન્ય સાધુવર્યો અને સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિમાં કૃષ્ણનગર મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવંતોના જિનાલયમાં શ્રી ધરણેન્દ્ર પદ્માવતી સહિત શ્રી સહસ્રફણા પાર્શ્વનાથજી, ભ. શ્રી વાસુપૂજ્યસ્વામી. ભ શ્રી ચન્દ્રપ્રભસ્વામી, ભગવંતાદિ જિનબિંબો તથા શ્રી ગૌતમસ્વામીજી, સુધર્મસ્વામી, શ્રી જંબુસ્વામીજી આદિ બિંબોની પ્રતિષ્ઠા અનેરા ઉત્સાહ આનંદ અને ભવ્યતાથી કરવામાં આવી હતી. પ્રાણુ પ્રતિષ્ઠાને વધુ પુનિત પાવન અને મંગલમય બનાવવા માટે આ દેરાસરજીના રંગમંડપમાં આઠ આઠ દિવસનો અષ્ટાન્હિકા મહોત્સવ, વિવિધ પૂજા અને પૂજનો દ્વારા હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો.

પ્રતિષ્ઠા નિમિતે સાધર્મિક ભક્તિનું વિશિષ્ટ કાર્ય, અભયદાન, જીવદયા અને અનુકંપાના વિવિધ કાર્યો ઉદાર હૃદયે કરવામાં આવ્યાં. રોજ સવારે પ્રભુજીની અલબેલી આંગી રચના, ઉપાશ્રયમાં વ્યાખ્યાન વાણીનો અણમૂલો લાભ અને સાંજે ભક્તિરસમાં ભીંજવનારી અલૌકિક ભાવનાઓ દ્વારા સહુની ધર્મભાવના વધુ પ્રબળ બની.

અને તેથી જ પ્રતિષ્ઠા મહોત્સવ હજારો માણસોની સંખ્યામાં ઓર દીપી ઉઠયો. સહસ્રફણા પાર્શ્વનાથજી અને ગૌતમસ્વામીજીની મનોહર મૂર્તિઓ જોઇ લોકો હર્ષઘેલા બની ગયા. અને તેથી જ જાણે આકાશને આંગણે પોઢેલા પેલા વાદળાએ એ ચાર-ચાર વરસની આ તરસી ધરતી પર વર્ષાના વારિનું સિંચન કરી પોતાનો હર્ષ વ્યક્ત કર્યો ૐ પુણ્યાહં.... પુણ્યાહં... પ્રિયતાં.... પ્રિયતાં...નો શબ્દ ઘોષ હવામાં ગુંજતો હતો ત્યાં જ ગૌતમસ્વામીજીની મૂર્તિમાંથી અમી ઝર્યો અને આનંદવિભોર બનેલો ચતુર્વિધ સંઘ એક અવાજે બોલી ઉઠયો-

અમ લોચન પ્રભુ મુખ દેખી હરખ્યાં !

---

(અનુસંધાન પાના ૧૫૯નું ચાલુ)

તેઓ સતત વિવેકપૂર્વક પોતાના જીવનને ધર્મધ્યાન અને શુકલધ્યાનના ચિંતનમાં લીન રાખતા હતા જો એમનું શરીર અતિ શિથિલ અને અસ્થિપીંજર બની ગયું હોત તો તેઓ કઈ રીતે આટલું મર્મગામી ચિંતન કરી શકે?

પ્રત્યેક ગૃહસ્થ કે સાધુએ પોતાના કર્મોનું નિરીક્ષણ-પરીક્ષણ કરતા રહેવું જોઈએ. એને ક્ષીણ કરવાનો સબળ "પુરૂષાર્થ" કરવો જોઇએ. વિષયવાસના, કષાય, મલિનતા અને સ્ખલનો આદિના પ્રાયશ્ચિતને માટે તપસાધનાને અપનાવવી જોઇએ. એ જ પૂર્ણ સફળતાની પગદંડી છે.

સ્થળ-જૈનભવન, બીકાનેર તા. ૩-૮-૪૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## (૨) તપનાં તોરણ બંધાવો સૂરિજી પધાર્યા રે.

અષાઢ સુદ ૬, તા. ૨૦-૭-૮૮ બુધવારે સવારે ૮.૦૦ કલાકે ભાવનગરને આંગણે શ્રી જિનશાસન શણગાર આચાર્ય ભગવંત શ્રી વિજયચન્દ્રોદયસૂરીશ્વરજી ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશ ભવ્ય સામૈયા સાથે વાજતે ગાજતે આનંદ, ઉલ્લાસ અને ભવ્યતા સાથે ચતુર્વિધ સંઘની હાજરીમાં થયો હતો. ચાતુર્માસના પ્રવેશ પૂર્વે જ જ્ઞાન, સંયમ અને સરસ્વતીના ત્રિવેણી સંગમથી શોભતા તેઓશ્રીની શુભનિશ્રામાં કૃષ્ણનગર અને સુભાષનગરમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. પર્વાધિરાજ પર્યુષણમાં પણ તેમની અમી રસ વાણી દ્વારા પ્રતિબોધ પામી ભાવનગરમાં ઘરે, ઘરે તપના તોરણ બંધાશે અને જૈનશાસનનો જયજયકાર થશે જ, તેવી ભાવના શ્રી સંઘના હૈયે છે.

## (૩) સુભાષનગરમાં પ્રવેશ મહોત્સવ

જેઠ વદ ૧૦. તા. ૮-૭-૮૮ ને શુક્રવારે ઉગતી ઉષાના અજવાળે સુભાષનગરના નૂતન ગૃહજિનમંદિરમાં શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબના શુભહસ્તે, શ્વેત પાષાણવાળા શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ભગવંત, તથા શ્રી સુમતિનાથ ભગવંત તથા શ્રી શ્રેયાંસનાથ ભગવંતનો મંગલ પ્રવેશ ચતુર્વિધ સંઘની હાજરીમાં શાનદાર રીતે ઉજવાયો હતો, આ મંગલ પ્રસંગો શ્રી નવગૃહ પૂજન, દશદિગપાલ પૂજન, તથા શ્રી અષ્ટમંગલ પૂજન, જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ અને ભાવનાનો અભૂતપૂર્વ કાર્યક્રમ યોજાયો હતો.

## (૪) સખી, મેં આજ શત્રુંજય દીઠો!

અષાઢ સુદ એકમને ગુરૂવારે તીર્થરાજ શત્રુંજયના સોનેરી શિખરો પર શોભતાં ગગનચુંબી દેરાસરોમાં મૂળનાયક શ્રી આદેશ્વર દાદા શ્રી પુંડરીકસ્વામીજી તથા શ્રી રાયણપાદુકા પર અઢાર અભિષેકનો અજોડ પ્રસંગ, મહાજ્ઞાની વિદ્વાન અને સિદ્ધહસ્ત લેખક મુનિરાજ શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં ઉજવાયો.

આ શાશ્વતા તીર્થ પર વરસો પછી યોજાનારા આ પ્રસંગને નિહાળી ભક્તિરસ લ્હાણના અમિરસ ઘુંટડાનું પાન કરવા હજારોની સંખ્યામાં યાત્રિકો તેમજ સાધુ-ભગવંતો અને સાધ્વીજી મહારાજો, દેશ, પરદેશથી પધાર્યા હતા.

જૈનજગતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરી શકાય તેવા આ વિરલ પ્રસંગે સિદ્ધાચલ યાત્રાના દરેક હડે-હડે નોબત અને શરણાઇઓ ગુંજી હતી. લીલુડાં આસોપાલવ અને લાલ-ગુલાબી ફુલોના ગજરાઓથી દેરાસરો દેવવિમાનની જેમ શોભી ઉઠયા, જાણે પૃથ્વી પર સ્વર્ગ ઉતરી આવ્યું! પ્રભુ ભક્તિમાં તલ્લીન બનેલાં ભાવિકો સંગીતની સુરાવલી ખંજરીના રણકાર અને ભક્તિગીતોની રમઝટમાં એવા તો લીન બન્યાં કે પ્રભુના જન્મ મહોત્સવ વખતે નાચતા ઇન્દ્ર ઇન્દ્રાણીઓની જેમ લોકો ભક્તિમય બની ગયા!

## (૫) આત્માનંદ સભા કરે પોકાર, જૈન સાહિત્યનો કરો પ્રચાર!

આત્માનંદ સભાએ જૈન સાહિત્યનું સર્વશ્રેષ્ઠ જ્ઞાનમંદિર છે અને તેથી જ આ જ્ઞાનરૂપી ગંગાના પાણી દરેક કુટુંબમાં પહોંચે અને એ શ્રુતજ્ઞાનના પ્રકાશથી સહુનાં મનના ધર્મની હારેયાળી ફેલાય તેવા હેતુથી આ સંસ્થા દ્વારા ભાવનગરમાં રહેતા યુવાન ભાઇઓ-બ્હેનો માટે જૈન કથા-લખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સતી સંતો અને મહાપુરૂષોના જીવન પર, ૬-૮ ફુલસ્કેઇપની સાઇઝ મર્યાદામાં, પોતાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાષામાં લખાએલી ત્રીસ કથાઓ સભાને પ્રાપ્ત થઈ હતી. કથાઓ વાંચીને નિર્ણય આપવાનું કાર્ય પ્રો. શ્રી નવીનભાઈ શાહ અને શ્રી મધુબેન શાહે સુપેરે પાર પાડયું હતું.

આ સ્પર્ધાના ઈનામ-વિતરણનો કાર્યક્રમ તા. ૨૪-૭-૮૮ ને રવિવારે સભાના હોલમાં સવારે ૧૧-૩૦ કલાકે યોજાયો હતો.

કાર્યક્રમનો આરંભ કુ. જયોતિ પી. શાહ અને શ્રીમતિ લતાબેને ગાએલ સુંદર પ્રાર્થનાથી થયો. ત્યારબાદ સભાના પ્રમુખ શ્રી હીરાભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન આપતાં કહ્યું કે, જૈન સાહિત્યનો પ્રચાર થાય અને ઘરેઘરે આપણું સાહિત્ય વંચાતું થાય તેવા ઉદ્દેશથી જ આવી સ્પર્ધાનું આયોજન સભા દ્વારા થયું છે. તેઓશ્રી પછી પ્રો. પ્રફુલ્લા બેને પોતાના પ્રવચનમાં જણાવ્યું કે આજે આપણને સહુને ૩૦૦ રૂા. ની સાડી સસ્તી લાગે છે, પરંતુ ૧૫ રૂા. નું ધાર્મિક પુસ્તક મોંઘુ દેખાય છે. પુસ્તકો તરફનું આપણું આ વલણ બદલવા માટે આ યુગમાં આવી પ્રવૃત્તિઓ ખૂબ જ જરૂરી છે. તો પછી આપણા માસિકના તંત્રી શ્રી કાંતિભાઈ દોશીએ પણ આ વાતને સમર્થન આપતા જણાવ્યું કે આજે કોલેજનું શિક્ષણ વધતું જાય છે. પરંતુ તેની સામે ધાર્મિક શિક્ષણ અને વાંચનનું મહત્વ ઘટી રહ્યું છે. યુવાનવર્ગ ફિલ્મી સાહિત્ય તરફ વળી રહ્યો છે, જો યુવાનવર્ગને આપણે આપણા સાહિત્ય તરફ વાળવી હોય તો આ એક સ્તુત્ય પ્રયાસ છે. ત્યારબાદ સ્પર્ધાના નિર્ણાયક શ્રી મધુબેન શાહે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે કે આ કથાઓ અમે ઘણી જ હોંશ ચીવટ અને આનંદ સાથે વાચી છે. અમને આવી પ્રવૃત્તિઓ ખૂબ જ ગમે છે અને સતી સંતોનાં જીવન બોધદાયક તેમજ પ્રેરણાદાયક પણ છે. અંતમાં જ્યોતિબેને પ્રાસંગિક ગીત રજુ કર્યું અને ગીતમાં જણાવ્યું કે આપણા જ્ઞાની વડીલોએ આ જ્ઞાનમંદિર સ્થાપતી વખતે કેવી મોટી આશા રાખી હશે કે આપણી આવતી નવી પેઢીના વારસદારો આ સભાઓમાં આવશે, રોજ વાંચન કરશે અને તેમાથી બોધ મેળવી ધર્મનું અને જ્ઞાનનું રખવાળું કરશે, પરંતુ લાગે છે કે આજે આ આશા ધૂળમાં મળતી દેખાય છે, કારણ કે યુવાનોને આધુનિક યુગમાં આવાં વાંચન માટે ક્યા ફુરસદ મળે છે! અને તેથી જ ઠેર - ઠેર આવા જ્ઞાનમંદિરના પુસ્તકો પર ધૂડ ચડે છે ને! આ સ્પર્ધામાં ૨૮ કથાઓ બહેનોએ લખી છે, જયારે બે જ કથા ભાઇઓએ લખીછે, આ સ્થિતિ શું સુચવે છે?

નવુ સર્જન ન થઈ શકે તો કઈ નહિ. પરંતુ આપણા જ્ઞાનના વારસાની જાળવણી કરવી તે શું આપણી ફરજ નથી? ભાવિ પેઢી આપણી પાસે જયારે જવાબ માંગશે ત્યારે શું આપણુ મસ્તક શરમથી નમી નહી જાય? ત્યારે આપણે સ્વીકારવું જ પડશે કે અમે તો ફેશનથી ફરવામાં આ વારસો ગુમાવ્યો છે, આ સ્થિતિ કરતાં આજથી જ જાગૃત બની આપણે વાંચનનું ધ્યેય સ્વીકારીએ તે જ આ સ્પર્ધાનું મુખ્ય ધ્યેય છે!

આ સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| ક્રમ | વિજેતાનું નામ | ઈનામ રૂા. |
|---|---|---|
| (૧) | શ્રી પ્રફુલ્લાબેન રસિકલાલ | ૧૦૧ |
| (૨) | શ્રી પારુલબેન જીતેન્દ્રકુમાર | ૭૧ |
| (૩) | શ્રી પંકજકુમાર હર્ષદરાય | ૫૧ |
| (૪) | કુમારી જયોતિબેન પ્રતાપરાય | ૪૧ |
| (૫) | શ્રીમતિ પવિણાબેન મુકેશકુમાર | ૩૧ |

૮૦% થી વધુ માર્કસ મેળવનાર સાત સ્પર્ધકોને રૂા. એકવીસ અને બાકીનાં અઢાર સ્પર્ધકોને પ્રોત્સાહન ઈનામ તરીકે રૂા. ૧૫ આપવામાં આવ્યાં હતાં.

અંતમાં સભાનાં મંત્રીશ્રી હિંમતભાઈએ સહુનો આભાર માન્યો અને સહુ વિખરાયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્થા સમાચાર

સંસ્કૃત ભાષાના ઉત્તેજન માટે ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી સને ૧૯૮૮ની સાલમાં S. S. C. પરિક્ષામાં સંસ્કૃત વિષય લઈને અને સંસ્કૃતમાં ૮૦ ટકા ઉપર માર્કસ મેળવીને પાસ થયા હોય તેવા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોની અરજીઓ લેવામાં આવી હતી. કુલ ૨૦ અરજીઓ આવી હતી. તેમાં પ્રથમ નંબર આપનાર એટલે સૌથી સંસ્કૃત વિષયમં વધુ માર્કસ મેળવનારને રૂા. ૧૦૧ અને બાકી બધા ૧૯ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને રૂા ૫૧ પારિતોષિક ઈનામો આ સભા તરફથી આપવામાં આવેલ હતા.

૨. ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી જરૂરીયાતવાળા કોલેજ ભણતાં વિદ્યાર્થી ભાઇ-ઓને, જેઓએ કોલેજમાં ફી ભરી હોય તેવા કુલ ૨૦ વિદ્યાર્થી ભાઈઓને કુલ રૂા. ૩૬૩૫ (અંકે રૂા. ત્રણ હજાર છસો પાત્રીસ)ની શિષ્ય વૃતી આ સભા તરફથી આપવામાં આવેલ છે.

## ભવ્ય દિક્ષા મહોત્સવ

સમસ્ત જૈન સમાજમાં પ્રથમવાર સલોત મિત્ર મંડળનાં ઉપક્રમે સલોત પરીવાર યોજીત સલોત કુટુબનાં મુળ દાઠા. હાલ ભાવનગરનાં વતની શ્રી ભોગીભાઇ ચુનીભાઈ સલોત કે જેનાં સાત વ્યક્તિનાં કુટુંબમાથી ૬ દિક્ષાનાં પ્રસંગે ભાવનગરમાં યોજાયેલ ભવ્ય અભિવાદન સમારોહ.

જૈન સમાજમાં એક જ કુટુંબનાં સાતમાંથી છ વ્યક્તિઓ દિક્ષા લે અને બાકીની એક વ્યકિત પણ દિક્ષાની ભાવના ધરાવતી હોય, આમ એકજ કુટુંબમાં સાત-સાત વ્યક્તિઓ દિક્ષા લેતી હોય તેવો સમસ્ત જૈનોમાં પ્રથમ જ પ્રસંગ છે.

ભાવનગરમાં વસતા દિક્ષાર્થીઓ પૈકી શ્રી ભોગીભાઈ, તેમનાં ધર્મપત્નિ ગુણવંતીબેન અને તેમની પુત્રી હર્ષાબેનના દિક્ષા પ્રસંગે શ્રી ચીનુભાઇ ઘોઘાવાળા (ઘોઘારી વિશાશ્રીમાળી જૈન ટ્રસ્ટના પ્રમુખ)ના પ્રમુખ સ્થાને તથા લોક સાહિત્યના માણીગર શ્રી મનુભાઇ ગઢવીનાં અતિથી વિશેષ પદે ભાવનગરમાં દાદાવાડીમાં યોજાયેલ હતો.

આ પ્રસંગે દિક્ષાર્થીઓનું ભાવનગર જૈન સંઘ, સલોત મિત્ર મંડળ, સલોત પરિવાર, શ્રેયસ જૈન મિત્ર મંડળ, લોકાગચ્છ જૈન સંઘ, જૈન સોશ્યલ ગ્રુપ, લાયન્સ કલબ ઓફ ભાવનગર (વેસ્ટ) વિ. સંસ્થાઓ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

## સ્વપ્ન સૃષ્ટિ

તમારા પ્રેમની સૌરભ, અમારા દીલમાં બેઠી,
તમારી વાણી વિમળતા, અમારા કર્ણમાં ટહુકી.
તમારા પ્રસન્ન વદનથી, અમારી કીકીઓ હરખી,
તમારા સંગ આનંદથી, ચિત્ત પ્રસન્નતા પરખી.
ઘડી અણમુલ જીવનની ઘડીકમાં ગઈ સરકી,
સંયોગી સુભાગી પળની, ગળામાં સુધામૃત ઝરતી.
હૃદય લુખુ બન્યું મારૂં ઉડી સૌરભ આનંદની,
નયનમાં અશ્રુ ધારા, વહાવે તું વિયોગીની.
પડી સુની કુટીર મારી, સરી સૃષ્ટિ ગઇ મારી,
ઉડી ગઇ સ્વપ્ન અંધારી, 'અમર' જ્યોતિ થઈ ભારી.

—અમર સાધના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## પ્રવેશ માટે દાયકામાં વિક્રમસર્જક ઘસારો

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પ્રમુખ શ્રી જે. આર. શાહે આજે અત્રે જણાવ્યું હતું કે અમારી સંસ્થાના અમૃત મહોત્સવની પૂર્વ ભૂમિકાના વર્ષમાં સંસ્થાની મુંબઈ, અંધેરી, પૂના, અમદાવાદ, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરની શાખાઓમાં કુલ ૭૬૭ વિદ્યાર્થીઓ રહીને ઉચ્ચ અભ્યાસ કરી શકે એટલી સુવિધા છે તેમાં ૪૯૨ વિદ્યાર્થીઓ આ પહેલાંના વર્ષમાં અને હાલ ચાલુ રહ્યા છે. આ વર્ષે ૨૭૫ જગ્યા ખાલી પડી હતી.

એમણે વિશેષમાં જણાવ્યું હતું કે, ખાલી રહેતી ૨૭૫ જગ્યા માટે આ વર્ષે કુલ ૬૮૫ વિદ્યાર્થીઓની અરજીઓ આવી હતી. તેમાંથી ૩૩૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. જેમાં ૧૦૪ લોન, ૩૫ હાફ લોન, ૧૨૬ પેઈંગ અને ૬૬ ટ્રસ્ટ સ્કોલરોનો સમાવેશ થાય છે. એમણે સ્પષ્ટતા કરી હતી કે કોલેજના વિદ્યાર્થીઓને રહેવા-જમવાની રાહતના દરે સુવિધા, કોલેજ અને યુનિવર્સિટી પરીક્ષાની ફી લોન રૂપે આપવામાં આવે છે. વિદ્યાર્થીઓની સુવિધા માટે માંગ હોવાથી અમદાવાદના શ્રી સરસ્વતી એજ્યુકેશન સોસાયટીના છાત્રાલયમાં ૪૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવાની તે સંસ્થાના સહકારથી વ્યવસ્થા કરવામાં આવી છે.

સંસ્થાની પૂના શાખામાં ૬૬.૪૬ % અને તેથી વધુ, વલ્લભવિદ્યાનગરમાં ૭૦ % અને તેથી વધારે અમદાવાદમાં ૬૦ % અને તે ઉપર, મુંબઈ અંધેરી, વડોદરા અને ભાવનગર શાખામાં ૫૦ % અને તેથી વધારે ગુણ મેળવનારને પ્રવેશ આપવામાં આવેલ છે અને આ રીતે દરેક શાખાની ક્ષમતાનો પૂરો ઉપયોગ થશે, જે છેલ્લા એકાદ દાયકાનો વિક્રમ ગણાય એમ જાણકારોનું કહેવું છે. વિદ્યાલયમાં એકંદરે ૮૪૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થશે.

## ચેતતો નર સદા સુખી

ભગવાન મહાવીરના ઉપદેશની પદ્ધતિની એ જ્ઞાતા-શૈલી એટલે કે દૃષ્ટાંત દ્વારા વાત સમજાવવાની સરળ પણ મર્મવેધી શૈલી હતી રાજગૃહના ચોમાસામાં એકવાર એમણે આ કથા કહી—

'કેટલાક લોકો અતિથિ માટે ઘેટાને પાળે છે. એને ખૂબ લાડ લડાવી સારો ઘાસ-પાલો ખવડાવે છે. એ ઘેટો હૃષ્ટ-પુષ્ટ બને છે અને માને છે કે મારા જીવનમાં તો આનંદ અને લહેર છે. મસ્ત થઇને ખાવા-પીવાનું અને મોજથી ફરવાનું છે. બીજાં ઘેટા જુઓને કેવાં રખડે છે! કેવાં ભૂખે મરે છે!

એવામાં ઘરધણીને ત્યાં અતિથિ આવે છે. ઘરધણી રાતામાતા ઘેટાને પકડે છે અને એનો વધ કરે છે. એના ઝીણા ઝીણા ટુકડા કરી સ્વાદિષ્ટ વાનગી બનાવે છે. ઘેટાને મરતી વખતે અતિથિ આવ્યાનો શોક થાય છે.

આ દૃષ્ટાંત આપીને ભગવાન મહાવીર કહે છે 'જરા ઊંડા ઊતરીને વિચાર કરો કે ઘડપણરૂપી અતિથિ કોને નથી આવતો? મૃત્યુરૂપી છરી કોને હલાલ નથી કરતી? એ અતિથી અને એ છરી આવ્યા પહેલાં જે ચેતે તે જ ખરો ખરો ચેત્યો કહેવાય.'

For Private And Personal Use Only

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭ થી મુજબ રહેશે *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૮૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૧૫-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ | ૫૦-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫-૦૦ |
| ” ” ભાગ-૨ | ૪૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઇન્ડીંગ | ૧૦-૦૦ |
| ધર્મબિન્દુ | ૧૫-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૧-૦૦ |
| સુક્ત મુક્તાવલી | ૧-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| શ્રી શંત્રુજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૨-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૫-૦૦ |
| ચૌદ રાજલોક પુજા | ૨-૦૦ |
| નવપદજીની પુજા | ૫-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી મા | ૫-૦૦ |
| જૈન શારદા પુજનવિધિ | ૦-૫૦ |
| જંબૂસ્વામિ ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર. ( સૌરાષ્ટ્ર )

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.